RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 246 Dt. 28-12-2024 Page : 08 Price : Rs 3

આપના મોબાઈલમાં રાજકોટ મિરર મેળવવા ઇચ્છો છો?
QR કોડ સ્કેન કરો અને જોડાવ અમારા whatsapp ગ્રુપમાં

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# કૃષિ માર્કેટિંગ પર રાષ્ટ્રીય નીતિનો ડ્રાફ્ટ રજૂ



## રાજ્યોને એક જ લાયસન્સ- રજીસ્ટ્રેશન દ્વારા કૃષિ ઉત્પાદનોને 'વેચાણ' કરવાની મંજૂરી આપશે

નવીદિલ્હી, તા. ૨૭

ખેડૂતોના વિરોધને કારણે સુધારા-લક્ષી ફાર્મ કાયદાઓ રદ થયાના લગભગ ત્રણ વર્ષ પછી, કેન્દ્ર હવે કૃષિ માર્કેટિંગ પર રાષ્ટ્રીય નીતિ ફ્રેમવર્કનો ડ્રાફ્ટ લઈને આવ્યો છે, જે રાજ્યોને એક જ લાયસન્સ/રજીસ્ટ્રેશન દ્વારા કૃષિ ઉત્પાદનોને વેચાણ કરવાની મંજૂરી આપશે. સિસ્ટમ અને સિંગલ ફી ઉત્પાદન માટે ''સંકલિત રાષ્ટ્રીય બજાર'' તરફ આગળ વધવાનું સૂચન કરવામાં આવ્યું છે. ખાનગી જથ્થાબંધ બજારોની સ્થાપનાને મંજૂરી આપવી; પ્રોસેસર્સ, નિકાસકારો, સંગઠિત છૂટક વિક્રેતાઓ, ફાર્મ-ગેટથી જથ્થાબંધ ખરીદદારો દ્વારા જથ્થાબંધ સીધી પ્રાપ્તિની મંજૂરી આપવી; વેરહાઉસ/સાઇલો/કોલ્ડ સ્ટોરેજને ડીમ્ડ માર્કેટ તરીકે જાહેર કરવું; ખાનગી ઈ-ટ્રેડિંગ પ્લેટફોર્મની સ્થાપના અને સંચાલનને મંજૂરી આપવી; સમગ્ર રાજ્યમાં બજાર ફીની એક વખતની વસૂલાત; અને બજાર ફી અને કમિશન ચાર્જનું તર્કસંગતીકરણ એ કૃષિ બજારને સુધારવા માટે સરકારના કેટલાક અન્ય મુખ્ય સૂચનો છે.

કૃષિ મંત્રાલયે ગયા મહિને વ્યાપક પરામર્શ માટે સ્ટેકહોલ્ડર્સની ટિપ્પણીઓ માંગતો ડ્રાફ્ટ બહાર પાડ્યો હતો. તે કૃષિ મંત્રાલયના અધિક સચિવ (માર્કેટિંગ) ફૈઝ અહેમદ કિડવાઈની આગેવાની હેઠળની સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવી હતી. જો કે રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોએ આવા કેટલાક પગલાં મર્યાદિત અથવા અસમાન રીતે અપનાવવાનું શરૂ કર્યું છે, ડ્રાફ્ટ સમગ્ર દેશમાં અને GST પરની આવી સમિતિની તર્જ પર રાજ્યોને સુધારાની જોગવાઈઓ અપનાવવા માટે પ્રોત્સાહિત કરે છે ''મજબૂત એગ્રીકલ્ચર માર્કેટિંગ રિફોર્મ કમિટી'' જેમાં રાજ્યના મંત્રીઓનો સમાવેશ થાય છે

ડ્રાફ્ટ કહે છે કે આવી સંયુક્ત પેનલ સંકલિત રાષ્ટ્રીય બજાર તરફ આગળ વધવા માટે રાજ્યો વચ્ચે સર્વસંમતિ બનાવવામાં મદદ કરી શકે છે અને GST એમ્પાવર્ડ કમિટીની તર્જ પર કાયમી સચિવાલયનું સૂચન કરે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે કમિટી ખેડુતોના હિત માટે કૃષિ માર્કેટિંગ, સમાન બજાર ફી અને આવા અન્ય મુદ્દાઓ માટે કાયદો લાવવાની દરખાસ્ત પર વિચાર કરી શકે છે અને વેપાર કરવામાં સરળતાના દૃષ્ટિકોણથી અવરોધ મુક્ત કૃષિ વેપાર. ડ્રાફ્ટ એ વાત પર ભાર મૂકે છે કે દરખાસ્ત પાછળનો મુખ્ય વિચાર દેશમાં વાઈબ્રન્ટ માર્કેટિંગ ઈકોસિસ્ટમ બનાવવાનો છે, જેમાં તમામ કેટેગરીના ખેડૂતો તેમના ઉત્પાદન માટે શ્રેષ્ઠ ભાવ મેળવવા માટે તેમની પસંદગીનું બજાર શોધી શકે છે બ્લોકચેન ટેક્નોલોજી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નિંગ (એમએલ)નો ઉપયોગ કરીને ફાર્મથી સ્ટોરેજ સુધીની સપ્લાય ચેઈન પ્રક્રિયાઓને મજબૂત કરવા માટે ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા પર, ડ્રાફ્ટ જણાવે છે કે દરખાસ્તનો હેતુ બજાર અને કિંમતની અનિશ્ચિતતાઓને ઘટાડવા માટે એક પદ્ધતિ સ્થાપિત કરવાનો છે

### ડ્રાફ્ટમાં ખેડૂતો માટે મહેનતાણું MSP સુનિશ્ચિત કરવાનો કોઈ ઉલ્લેખ નથી

ખેડૂતો માટે મહેનતાણું લઘુત્તમ ટેકાના ભાવો (એમએસપી) સુનિશ્ચિત કરવાનો કોઈ ઉલ્લેખ નથી, જે સ્વર્ગસ્થ એમએસ સ્વામીનાથનની આગેવાની હેઠળના નેશનલ કમિશન ઓન ફાર્મર્સ (NCF) ની કેન્દ્રીય ભલામણ હતી અને રાષ્ટ્રીય રાજકીય પ્રવચનમાં મુખ્ય મુદ્દો હતો. તેના બદલે, દસ્તાવેજ બ્લોકચેન અને વેલ્યુ ચેઈન સેન્ટ્રિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર (VCCI) જેવા ટેક્નોલોજીકલ સોલ્યુશન્સ પર ભાર મૂકીને કોર્પોરેટ-સંચાલિત એજન્ડાને પ્રોત્સાહન આપીને ખેડૂતોને ગેરમાર્ગે દોરતો હોવાનું જણાય છે.



કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની કેન્દ્ર સરકાર પાસે માંગ, પૂર્વ વડાપ્રધાનના અંતિમ સંસ્કાર થાય છે ત્યા સ્મારક બનાવવામાં આવે

# મનમોહન સિંહ આજે પંચમહાભૂતમાં વિલીન

નવીદિલ્હી, તા. ૨૭

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કેન્દ્ર સરકાર પાસે માંગ કરી છે કે જ્યાં પૂર્વ પીએમ મનમોહન સિંહના અંતિમ સંસ્કાર થાય છે ત્યાં એક સ્મારક બનાવવામાં આવે. તેમણે ફોન પર મોદી-શાહને કહ્યું- પૂર્વ પીએમને આ જ સાચી શ્રદ્ધાંજલિ હશે. પૂર્વ વડાપ્રધાન ડો.મનમોહન સિંહનું ગુરુવારે રાત્રે નિધન થયું હતું. તેઓ ૯૨ વર્ષના હતા. મનમોહન લાંબા સમયથી બીમાર હતા. ઘરે બેહોશ થયા બાદ તેમને રાત્રે ૮.૦૬ કલાકે દિલ્હી એમ્સમાં લાવવામાં આવ્યા હતા. હોસ્પિટલના બુલેટિન અનુસાર, તેમણે રાત્રે ૯:૫૧ વાગ્યે અંતિમ શ્વાસ લીધા હતા.

શુક્રવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહ તેમના નિવાસસ્થાને પહોંચ્યા હતા અને તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. અહીં કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં પૂર્વ પીએમને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી અને શોક પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો.ડો. સિંહની અંતિમ યાત્રા ૨૮ ડિસેમ્બર શનિવારના રોજ સવારે ૯:૩૦ વાગ્યે દિલ્હીમાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મુખ્યાલયથી નિગમબોધ ઘાટ માટે રવાના થશે. આ માહિતી કોંગ્રેસના મહાસચિવ કેસી વેણુગોપાલે આપી હતી.

તેમણે કહ્યું- ડો. સિંહના પાર્થિવ દેહને શનિવારે સવારે ૮ વાગ્યે તેમના નિવાસસ્થાનથી એઆઈસીસી મુખ્યાલયમાં લાવવામાં આવશે, જ્યાં લોકો અને કોંગ્રેસ કાર્યકર્તાઓ સવારે ૮:૩૦ થી ૯:૩૦ સુધી તેમને શ્રદ્ધાંજલિ આપી શકશે. આ પહેલા શુક્રવારે સાંજે કોંગ્રેસના મુખ્યાલયમાં ઈઠઈની બેઠક યોજાઈ હતી, જેમાં પૂર્વ પીએમ મનમોહન સિંહને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. મનમોહન સિંહ ૨૦૦૪માં દેશના ૧૪મા વડાપ્રધાન બન્યા હતા. તેમણે મે ૨૦૧૪ સુધી આ પદ પર બે કાર્યકાળ પૂર્ણ કર્યા હતા. તેઓ દેશના પ્રથમ શીખ અને ચોથા સૌથી લાંબા સમય સુધી સેવા આપતા વડાપ્રધાન હતા.

મનમોહન સિંહના નિધનના કારણે કેન્દ્ર સરકારે ૭ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો છે. તેમજ શુક્રવારના નિર્ધારિત તમામ કાર્યક્રમો રદ કરવામાં આવ્યા છે. રાહુલ ગાંધી અને કોંગ્રેસ અધ્યક્ષ ખડગે મોડી રાત્રે બેલાગવીથી દિલ્હી પહોંચ્યા બાદ સીધા મનમોહન સિંહના નિવાસસ્થાને ગયા હતા. રાહુલે X પર લખ્યું- મેં મારા માર્ગદર્શક અને ગુરુ ગુમાવ્યા છે. દરમિયાન, કર્ણાટકના બેલાગવીમાં ચાલી રહેલી કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક રદ કરવામાં આવી હતી. કોંગ્રેસના સ્થાપના દિવસને લગતા કાર્યક્રમો પણ રદ કરવામાં આવ્યા છે. પાર્ટીના કાર્યક્રમો ૩ જાન્યુઆરી પછી શરૂ થશે.

# GSPCની તિજોરીમાં મનપાનો ૩૮ લાખનો ચાંદલો

## અણઘડ આયોજનના પગલે મનપાને આર્થિક નુકસાની : ડિપોઝિટની રકમ પરત મળશે કે કેમ તે પણ સૌથી મોટો પ્રશ્ન

રાજકોટ, તા. ૨૭

રાજકોટ મહાનગરપાલિકા સ્માર્ટ શહેર બનાવવા માટે ઘણી ખરી મહેનત કરી રહ્યું છે એટલું જ નહીં અનેકવિધ પ્રોજેક્ટને પણ આખરી ઓપ આપવા માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે પરંતુ મહત્વનું એ છે કે આ તમામ પ્રયત્નો જો યોગ્ય રીતે પરિપૂર્ણ થાય તો ને તો જ સ્માર્ટ સિટી કન્સેપ્ટ યોગ્ય રીતે અમલમાં આવી શકે. બીજી તરફ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા દરેક લોકોને પોતાના ઘરનું ઘર મળે તે હેતુસર હાલ આવાસ યોજના બનાવવાનો નિર્ણય લીધો છે અને છેલ્લા ઘણા સમયથી અનેકવિધ આવાસો પણ બની ગયા છે અને તેમાં લોકો રહેવા પણ આવી ગયા પરંતુ રાજકોટના ઘણા ખરા એવા આવાસો છે કે જે હાલ સંપૂર્ણ ખાલી ખમ હોય જેમાં એક પણ વ્યક્તિ રહેવા આવ્યો ન હોય એટલું જ નહીં તેની હરાજી થયેલ હોય પરંતુ તેમાં લાભાર્થે રસ પણ ના દેખાડ્યો હોય તેવા બે આવાસો હાલ મહાનગરપાલિકા માટે ચિંતાનો વિષય બન્યો છે. શહીદ રાજગુરુ ટાઉનશીપ તથા વીર તાત્યા ટોપે ટાઉનશીપ જે લાભાર્થીઓ



માટે ઊભા કરવામાં આવ્યા હતા તેમાં હજી સુધી કોઈ નક્કર આયોજન ના અભાવે ખાલી ખમ પડેલા છે બીજી તરફ લાભાર્થીઓ વેઈટિંગમાં પણ એટલા જ છે ત્યારે તજજ્ઞોનું માનવું છે કે મહાનગરપાલિકા પાસે આટલી સારી જગ્યા હોય તો કેમ તેનો ઉપયોગ રહેવાસીઓ માટે કરવામાં આવતો નથી જેને લઈને ઘણા ખરા પ્રશ્નો પણ ઊભા થઈ રહ્યા છે. હવે મહત્વનું એ છે કે આ અંગે જ્યારે રાજ્ય સરકાર કોઈ નક્કર પગલાં લેશે અને મહાનગરપાલિકા આ અંગે કોઈ યોગ્ય નિર્ણય લે તો જ આ પ્રશ્નનો ઉકેલ આવી શકે.

રાજકોટ મહાનગરપાલિકા હેઠળ જે બે આવાસો ચર્ચાનો વિષય છે તેમાં એક નવો મુદ્દો સામે આવ્યો કોઈ પણ આવાસ યોજના બને ત્યારે સર્વપ્રથમ એ વાતનું ધ્યાન રાખવામાં આવતું હોય કે તમામ આવાસો માટે ગેસની લાઈન ઊભી કરવામાં આવે જેથી જ્યારે લાભાર્થીઓ રહેવા આવે તે સમયે તેઓએ કોઈ તોડ ભાંગ ન કરવી પડે અને સીધું જ ગેસની લાઈન પણ શરૂ થઈ જાય જે માટે હાલ જે આવાસો બની રહ્યા છે તેમાં ગેસની પાઇપલાઇન નાખી દેવામાં આવે છે હવે ધ્યાને જે વાત આવી છે તે એ છે કે ગુજરાત ગેસ એટલે કે જીએસપીસી કોઈપણ ગેસ કનેક્શન લેવામાં આવે ત્યારે તેમની ડિપોઝિટ લેતું હોય છે જે હાલ ડિપોઝિટ નો ભાવ ₹૫,૦૦૦ ઉપરનો છે પરંતુ પ્રધાનમંત્રી આવાસ યોજના હોવાથી આજે ડિપોઝિટ ની રકમ છે તે ઘણી ખરી ઓછી છે અને કનેક્શન ડેટ ૧૮૫૪ નક્કી કરવામાં આવેલા છે હવે મહાનગરપાલિકા દ્વારા બંને જગ્યા માટેની ડિપોઝિટ ની રકમ તો ભરી દેવામાં આવી છે પરંતુ હવે તે ડિપોઝિટ ની રકમ નું શું તે અંગે મહાનગરપાલિકા સંપૂર્ણપણે અજાણ છે. તજજ્ઞો દ્વારા મળતી માહિતી મુજબ હાલ શહીદ રાજગુરુ અને વીર તાત્યા ટોપે ટાઉનશીપ સંપૂર્ણ ખાલી ખમ છે છતાં પણ ગેસની લાઈનો ઊભી કરી દેવામાં આવી છે અને તે માટેની રકમ પણ મહાનગરપાલિકાએ ડિપોઝિટ પેટે જીએસપીસી ને આપી દીધી છે જેને આશરે ત્રણ વર્ષ જેટલો માતબર સમય પણ વીતી ગયો છે અને એ રકમ હાલ બ્લોક પણ થઈ ગયેલી છે આ અંગે ખરા અર્થમાં મહાનગરપાલિકાએ કોઈ નક્કર નિર્ણય લેવો અનિવાર્ય બન્યો છે અને જ્યાં સુધી કોઈ નિવેડો નહીં આવે ત્યાં સુધી મહાનગરપાલિકાને આર્થિક બોજો પણ વધશે.

### ડિપોઝિટ પેટે મનપાના ૩૮.૩૦ લાખ રૂપિયા જીએસપીસીમાં જમા

મહાનગરપાલિકાએ ગેસની લાઈન લેવા માટે જીએસપીસી ને ૩૮.૩૦ લાખ ડિપોઝિટ પેટે આપ્યા છે કારણકે શહીદ રાજગુરુ ટાઉનશિપમાં ૧૫૩૮ યુનિટો છે જ્યારે લલુડી હોકડી પાસે બનેલા આવાસોમાં કુલ ૫૨૮ યુનિટો ખાલી છે ત્યારે દરેક યુનિટ દીઠ કનેક્શન ગણવામાં આવે તો ૧૮૫૪ લેખે કુલ ૩૮ લાખ રૂપિયા જેટલી ડિપોઝિટ ની રકમ થાય છે જેને જમા કરવામાં આવી છે. આ કરવા પાછળ મહાનગરપાલિકા નો હેતુ એ જ હતો કે જો ભવિષ્યમાં કોઈ લાભાર્થીએ ગેસની લાઈન લેવી હોય તો તોડ ભાંગ કરવી પડે ત્યારે આવાસ યોજના બને તે સમયે જ ગેસની લાઈન ઉભી કરવામાં આવે જેથી લાભાર્થીઓએ કોઈ પણ પ્રકારની હેરાનગતિનો સામનો ન કરવો પડે.

### આવાસ યોજના ડીસમેન્ટલ થાય તો ડિપોઝિટનું શું તે અંગે મનપા અવઢવમાં

મહાનગરપાલિકાના તજજ્ઞોનું માનવું છે કે હાલ આ ખાલી પડેલા આવાસો ને જો ડીસમેન્ટલ કરવામાં આવશે તો ભરવામાં આવેલી ડિપોઝિટ નું શું તે અંગે હજુ કોઈ નક્કર આયોજન અથવા તો જવાબ મહાનગરપાલિકા પાસે નથી આ અંગે જ્યારે રાજકોટ મિરરે સંબંધિત વિભાગના અધિકારી સાથે વાત કરી તો તેઓએ જણાવ્યું કે આ અંગે તો ગુજરાત ગેસ પાસે જ અભિપ્રાય માંગવામાં આવશે. હવે જોવાનું એ રહ્યું કે શું ગુજરાત ગેસ ડિપોઝિટ ની રકમ પરત આપશે કે કેમ કારણકે નવનિયુક્ત મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા આ તમામ આવાસ યોજનાની મુલાકાત લીધી હતી અને ખાલીખમ હોવાના પગલે કોઈ નક્કર આયોજન કરવા ક્યાંકને ક્યાંક રાજ્ય સરકાર પાસેથી અભિપ્રાય પણ માંગવામાં આવ્યો હોય તેવું તજજ્ઞ જણાવી રહ્યા છે.

### ૨૦૬૬ આવાસોમા આજ દિન સુધી નથી આવ્યા કોઈ લાભાર્થી

૨૦૬૬ આવાસો આજે પણ ખાલીખમ જોવા મળે છે. જેમાં આજ દિન સુધી કોઈ લાભાર્થી આવ્યો નથી. હવે જરૂરી અને મહત્વનું એ છે કે આ ખાલી પડેલા આવાસો માટે કોઈ નક્કર આયોજન મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવે તે ખૂબ જરૂરી છે. જો આવાસો ખાલી રહેશે તો તેનો બીજો વિકલ્પ શું તે અંગે પણ હાલ ચર્ચા કરવામાં આવશે અને મહાનગરપાલિકાએ તે દિશામાં પણ હું વિચારવું પડશે અને જરૂર પડીએ તો હેતુફેરની દરખાસ્ત કરવાનો પણ નિર્ણય લેવો પડશે જેથી જે લોકો આવાસ વિહોણા છે તેઓને મળી રહે.

પાર્સલમાં ડ્રગ્સ છે, મની લોન્ડરીંગના સાતસો કરોડના કૌભાંડમાં સામેલ છો, સાત વર્ષની સજા થશે, પાસપોર્ટ રદ થઇ જશે કહી ડરાવાયા

# બે વૃધ્ધ બન્યા 'શિકાર': ડિજીટલ એરેસ્ટ કરી લાખો પડાવ્યા

## મુંબઇ સાયબર ક્રાઇમ ઓફિસર, ડીસીપીના નામે ફોન-વિડીયો કોલ કરી ધમકાવાયાઃ એનઆરઆઇ વૃધ્ધ અને ચોરાણુ વર્ષના વૃધ્ધે નોંધાવી સાયબર ક્રાઇમમાં ફરિયાદ

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૭**

રાજકોટ: ઓનલાઇન ફ્રોડની દુનિયામાં શેર બજારમાં કમાણીના નામે અને ડિજીટલ એરેસ્ટ કરીને છેતરપીંડી કરી લાખો કરોડો પડાવી લેવાની ઘટનાઓ રોજીંદી બની ચુકી છે. વધુ બે ડિજીટલ એરેસ્ટના કિસ્સા સામે આવ્યા છે. જેમાં એક એનઆરઆઇ વૃધ્ધને જીપીઓ મુંબઇના નામે ફોન કરી તમારા નામના પાર્સલમાં પચાસ ગ્રામ ડ્રગ્સ મળ્યું છે કે કહી કેસ કરવાની ધમકી આપી મુંબઇ સાયબર ક્રાઇમના જુનિયર ઓફિસરના નામે ડરાવી ધમકાવી તેમજ ડીસીપીના નામે ફોન કરી ડિજીટલ એરેસ્ટ કરી રૂપિયા પચ્ચીસ લાખ બાંસઠ હજાર પડાવી લેવાયા છે. જ્યારે બીજા વૃધ્ધને એન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેનટના નામે ફોન કરી ડરાવી સાત લાખ પંચ્યાસી હજાર પડાવી લેવાયા છે.

પ્રથમ ઘટનાની વિગતો જોઇએ તો આ બનાવમાં અમદાવાદ રહેતાં એનઆરઆઇ વૃધ્ધને છેતરી લેવાયા છે. ડિજિટલ એરેસ્ટના બહાને થતી છેતરપિંડી સાયબર ક્રાઇમ માટે જાણે કે માથાનો દુખાવો બની ગઇ હોય તેમ લાગી રહ્યુ છે. ડિજિટલ એરેસ્ટના બનાવોને લઇને લોકોમાં જાગૃતતા આવે તે માટે પોલીસ દ્વારા અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે છતાં હજી પણ અનેક લોકો તેનો ભોગ બની રહ્યા છે. ત્યારે આવો વધુ એક બનાવ અમદાવાદ શહેરમાં સામે આવ્યો છે. એનઆરઆઇ સિનિયર સિટીઝનને પાર્સલમાં ડ્રગ્સ મળી આવ્યું હોવાનું કહીને ડરાવી ધમકાવી બેન્ક એકાઉન્ટમાં રહેલા રૂપિયા ૨૫ લાખ ૬૨ હજાર રૂપિયા વેરીફીકેશનના બહાને પડાવી લીધા હતા. રાણીપ વિસ્તારમાં રહેતા એનઆરઆઇ સિનિયર સિટીઝને સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ દાખલ કરાવી છે. ફરિયાદી તેમની પત્નિ સાથે રહે છે અને અમેરિકામાં દર વર્ષે આવતા જતા રહે છે. તેઓ ઘરે હતાં ત્યારે ચારેક વાગ્યાની આસપાસ અજાણ્યા નંબર પરથી તેમને ફોન આવ્યો હતો અને મહીલાએ જી પીઓ મુંબઇ ખાતેથી બોલતી હોવાની ઓળખ આપી હતી. જેણે ફરિયાદીને કહ્યુ હતુ કે, તમારા દ્વારા ચાઇના ખાતે મોકલાવવામાં આવેલા




પાર્સલમાં ડ્રગ્સ મળી આવતા મુંબઇ કસ્ટમ વિભાગ દ્વારા જપ્ત કરવામાં આવ્યું છે. આ પાર્સલમાં તમારૂ આધારકાર્ડ જોઇન્ટ છે. જે પાર્સલમાં એટીએમ કાર્ડ, લેપટોપ અને ૫૦ ગ્રામ એમડીએમએ નામનું ડ્રગ્સ મળી આવેલું છે. સામેથી બોલી રહેલી વ્યક્તિએ વધુ જણાવ્યું હતુ કે આ બાબતે મુંબઇ સાયબર ક્રાઇમમાં કેસ દાખલ થયેલો છે. મુંબઇ સાયબર ક્રાઇમ સાથે વાત કરાવવાનું કહીને વીડિયો કોલ કર્યો હતો. જેમાં મુંબઇ સાયબર ક્રાઇમમાંથી જુનીયર ઓફિસર સંદીપ ડાંગર તથા ડીસીપી બાલસિંગ રાજપુત બોલતા હોવાની ઓળખ આપી હતી અને ફરિયાદીની વિરૂધ્ધમાં ડ્રગ્સનો તેમજ મની લોન્ડરિંગનો કેસ દાખલ થયો છે. તેમની ધરપકડ કરીને મુંબઇ લઇ જવામાં આવશે અને ઓછામાં ઓછી સાત વર્ષની જેલ થશે. તેવુ કહ્યું હતું. આ ઉપરાંત એમ કહીને પણ ડરાવાયા હતાં કે તમારો પાસપોર્ટ પણ જમાં થશે, અમેરીકા જઇ શકશે નહીં. ત્યારબાદ તેમના બેન્ક એકાઉન્ટમાં જેટલા રૂપિયા પડ્યા છે. તે આરબીઆઇના સ્પેશિયલ એસ્ક્રો એકાઉન્ટમાં ફોરેન્સીક વેરીફીકેશન માટે મોકલવાના છે. જે વેરીફિકેશન બાદ રૂપિયા પરત મળી જશે તેવો ભરોસો આપ્યો હતો. જેથી ફરિયાદીએ અલગ અલગ બેન્કમાં રહેલા જઝ તોડાવીને રૂપિયા ૨૫ લાખ ૬૨ હજાર આટીજીએસ મારફતે મોકલી આપ્યા હતા. જે રૂપિયા પરત ના આપતા અંતે ફરિયાદીએ પોલીસનો સંપર્ક કર્યો હતો. જે મામલે સાયબર ક્રાઇમે ફરિયાદ નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

બીજા બનાવમાં ગાંધીનગર શહેરના સેક્ટર ૮માં રહેતા નિવૃત્ત વૃદ્ધને સાયબર ગઠિયાઓએ એનફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટના નામે ડિજિટલ એરેસ્ટ કરી ૭.૮૫ લાખ રૂપિયા આરટીજીએસ મારફતે ટ્રાન્સફર કરી લઈ છેતરપિંડી આચરી છે. આ મામલે હાલ ગાંધીનગર સાયબર ક્રાઇમ રેન્જ પોલીસે તપાસ શરૂ કરી છે. હાલમાં સમગ્ર દેશમાં સાયબર ગઠિયાઓનો ત્રાસ વધ્યો છે અને ખાસ કરીને ડિજિટલ એરેસ્ટ કરી પોલીસ, સીબીઆઈ, એનફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટના નામે વોટ્સએપ વિડીયો કોલ અને વોઇસ કોલ કરીને મહિલાઓ વૃદ્ધોને નિશાન બનાવવામાં આવે છે. કોઈ કેસમાં તમારુ નામ ખુલ્યું છેને ધરપકડ વોરન્ટ ઈસ્યુ થયું છે તેમ કહીને બેંકમાંથી રૂપિયા ટ્રાન્સફર કરાવવામાં આવતા હોય છે ત્યારે આ વખતે ગાંધીનગર શહેરના સેક્ટર આટ સીમાં પ્લોટ નંબર ૧૭૨ ખાતે રહેતા ચોરાણુ વર્ષીય વૃદ્ધ ભગવતસિંગને નિશાન બનાવવામાં આવ્યા છે.

વિગતો જોઇએ તો આ વૃધ્ધને વોટ્સએપ ઉપર એક મેસેજ આવ્યો હતો અને તેમાં હૈદરાબાદ પોલીસ સ્ટેશન લખેલું હતું ત્યારબાદ વોઇસ કોલ આવ્યો હતો પરંતુ તેમણે ઉપાડયું ન હતો જેથી વિડીયો કોલ આવ્યો હતો અને તેમાં સામે રહેનાર વ્યક્તિ દ્વારા પોતાની ઓળખ એનફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટના અધિકારી હોવાનું કહ્યુ હતું અને ગેરકાયદેસર નાણાકીય વ્યવહારમાં તેમનું ધરપકડ વોરંટ ઇસ્યુ થયું હોવાનું કહ્યું હતું ત્યારબાદ ફરીથી ફોન કરીને સેન્ટ્રલ આઈ બીનો એક લેટર પણ મોકલી આપ્યો હતો અને જેમાં ૭૦૦ કરોડનું ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ થયું હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

બીજા દિવસે તેમને ફોન કરીને મની લોંડરિંગના કેસમાંથી બચવું હોય તો સુ- ીમ કોર્ટના આદેશ પ્રમાણે રૂપિયા જમા કરાવવા પડશે કેમ કહીને ૭.૮૫ લાખ રૂપયા આરટીજીએસ મારફતે ટ્રાન્સફર કરાવી લીધા હતા. ત્યારબાદ પણ આ ગઠિયાઓએ તેમને ફોન કરીને રૂપિયા પડાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તેમને તેમની સાથે છેતરપિંડી થઈ ગઈ હોવાનો ખ્યાલ આવ્યો હતો. હાલ તેમના ડ્રાઇવર ફિરોજ સોકતખાન પઠાણની ફરિયાદના આધારે સાયબર ક્રાઇમ પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે. આમ વધુ બે વૃધ્ધને ડિજીટલ એરેસ્ટ કરી ગઠીયાઓએ કુલ તેત્રીસ લાખથી વધુનો લાભ મેળવી લીધો છે.

# વસુલાત અભિયાન : ૧૧ મિલકતો સીલ

## ગઈકાલ સુધીમાં કુલ રિકવરી રૂ.૩૨૯.૭૧ કરોડની થઈ : વોર્ડ ૧૦માં બોલાવાયો સપાટો

રાજકોટ, તા. ૨૭

રાજકોટ મહાનગરપાલિકાનાં કમિશનરની સુચના અનુસાર વેરા વસુલાત શાખા દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ ની રીકવરી ઝુંબેશ અંતર્ગત હાલ કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેમાં ગઈકાલે વેરાવ વસલાદ વિભાગે ત્રણ મિલકતોને સીલ કરી અને ૧૧ મિલકતોને સીલની કાર્યવાહી કરતાં રિકવરી કરવામાં આવી હતી એટલું જ નહીં બે મિલકતોને જપ્તીની નોટિસ પણ આપવામાં આવેલી છે સાથોસાથ બે નળ કનેક્શન પણ કાપવામાં આવ્યા હતા એમ કુલ મનપાએ ૩૪.૧૮ લાખની રિકવરી કરી.

મળતી માહિતી મુજબ વોર્ડ નંબર એકમાં આવેલા ૧૫૦ ફૂટ રીંગ રોડ પર એક મિલકત માં બાકી માંગણી સામે સીલની કાર્યવાહી કરતા આશરે ૭૫ હજાર રૂપિયાની રિકવરી થયેલી છે તો બીજી તરફ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ યુનિટમાં બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતાં કુલ ૮૫ હજારથી વધુ ની રિકવરી કરવામાં આવી. સાથો સાથ ગાંધીગ્રામમાં એક મિલકતને સીલ કરવામાં આવી.માતૃછાયા કોમ્પ્લેક્ષમાં ૧-યુનીટને સીલ મારેલ.૧૫૦ ફૂટ રોડ પર આવેલ આર.કે .વર્લ્ડ ગ્રાઉન્ડ ફ્લોર શોપ નં ૧૦ના નોટિસ સામે રિકવરી રૂ.૧.૧૨ લાખની થઈ.

વોર્ડ નં-૨માં રૈયા રોડ પર આવેલ ૧-યુનીટને સીલ કરવામાં આવ્યું.વોર્ડ નં-૫માં કુરજીવેકરીયા રોડ પર આવેલ ૧-નળ કનેક્શન કપાત સામે રિકવરી રૂ.૯૩,૭૧૩ થઈ. એવીજ રીતે અર્યાનગરમાં ૧-નળ કનેક્શન કપાત સામે રિકવરી રૂ.૨૫,૦૦૦ની થઈ. વોર્ડ નં-૧૦માં આવેલ નિર્મલા રોડ પર આવેલ ૧-યુનીટનાં બાકી માગણા સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૧.૦૩ લાખની થઈ. વોર્ડ નં-૧૫ કૃષ્ણનગર મેઈન રોડ પર આવેલ ૧-યુનીટના બાકી માગણા સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૯૬,૧૦૬ની થઈ.

વોર્ડ નં-૧૪ માં માસ્ટર સોસાઇટીમાં ૧-યુનીટની નોટિસ સામે રિકવરી રૂ.૩.૬૯ લાખની થઈ. વોર્ડ નં-૧૫માં આઈએ ઓધોગિક વિસ્તારમાં ૧- યુનીટના બાકી માગણા સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૯.૧૦ લાખનો પીડીસી ચેક આપવામાં આવ્યો.



વોર્ડ નં-૧૮ માં ઢેબર રોડ પર આવેલ ૧-યુનિટના બાકી માગણા સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૫૦,૦૦૦ થઈ.કોઠારીયા રોડ પર આવેલ ૧-યુનિટના બાકી માગણા સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૧.૦૬ લાખ.શ્રદ્ધા સોસાઈટીમાં ૧-યુનીટનાં બાકી માગણા સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૧.૦૩ લાખ. ઢેબર રોડ પર આવેલ ૧- યુનીટનાં બાકી માગણા સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૫૮ હજારની થઈ.ઢેબર રોડ પર આવેલ ૧- યુનીટનાં બાકી માગણા સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૫૦,૦૦૦ની થઈ.કોઠારીયા રોડ પર આવેલ ૧-યુનિટના બાકી માગણા સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૫૮,૧૬૦ની થઈ.

ગઈકાલ બપોર સુધીમાં ૩-મિલકત સીલ તથા ૧૧-મિલકતોને સીલની કાર્યવાહી કરતા રિકવરી થયેલ તથા ૨- મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા ૨-નળ કનેક્શન કપાત કરતા રીકવરી રૂા.૩૪.૧૮ લાખ રીકવરી કરેલ છે.

જ્યારે ગઈકાલ સુધીમાં કુલ રિકવરી રૂ.૩૨૯.૭૧ કરોડની થઈ. આ કામગીરી નાયબ કમિશ્નર સી.કે.નંદાણી તથા આસી.કમિશ્નર સમીર ધડુક, સેન્ટ્રલ ઝોન મેનેજર વત્સલ પટેલ ,સિદ્ધાર્થ પંડ્યા ,ભાવેશ પુરોહિત,વેસ્ટ ઝોન મેનેજર મયુર ખીમસુરીયા,ફાલ્ગુની કલ્યાણી ,ઈસ્ટ ઝોન મેનેજર નીલેશ કાનાણી, ગૌરવ ઠક્કર તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઈન્સપેક્ટરઓ દ્વારા વેરા વસુલાતની સઘન કામગીરી કરવામાં આવેલ છે. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.

# ૩૫ સ્થળ પર આરોગ્ય વિભાગ ત્રાટકયું

## ૧૮ ધંધાર્થીઓને લાયસન્સ બાબતે અપાઈ સુચના જ્યારે ૧૨ વિક્તાઓના નમુનાની થઈ ચકાસણી

રાજકોટ, તા. ૨૭

રાજકોટ મહાનગરપાલિકા ફૂડ વિભાગની ટીમ તથા FSW વાન સાથે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ચુનારાવાડ ચોક થી અમુલ સર્કલ-ભાવનગર રોડ તથા પ્રેમ મંદિર સામે હોકર્સ ઝોન- કાલાવડ રોડ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૩૫ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૧૮ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપી અવેરનેસ ડ્રાઇવ કરવામાં આવેલ. તેમજ ખાદ્યચીજોના કુલ ૧૨ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવેલ.બીજી તરફ લાયસન્સ મેળવવા બાબતે મુરલીધર પાન અને કોલ્ડ્રિંક, હિંગળાજ પાન, ચામુંડા પાન, સંતોષ પાન, રાજ સિંગ, ગાત્રાળ કોલ્ડ્રીંક્સ, શિવમ કોલ્ડ્રિંક્સ, ગાત્રાળ ડીલક્ષ પાન, જયશ્રી ખોડીયાર નાસ્તા સેન્ટર, રાધેશ્યામ લચ્છી, ચામુંડા દાળ પકવાન, દ્વારકાધીશ સેન્ડવીચ, ચામુંડા મસાલા મેગી, ચામુંડા મકાઈ, જીયા ફાસ્ટ ફૂડ, બોમ્બે બાઈટસ, AND કટકબટકને સૂચના આપવામાં આવી હતી. એવીજ રીતે ગમારા પાન , શક્તિ ટી સ્ટોલ , અમુલ પાર્લર, બાલાજી છોલે ભટુરે , શક્તિ ફાસ્ટફૂડ ,બાલાજી દાળપકવાન , ચામુંડા લચ્છી , ઝેનીશ ખીચું, શિવ છોલે ભટુરે , દિલખુશ છોલે ભટુરે , શિવમ ઢોસા , બાલાજી સાઉથ ઈન્ડિયન ,રુચિત ફેન્સી ઢોસા , પ્રયોશા ફાસ્ટફૂડ , MD સેન્ડવિચ , OM ચાઈનીઝ, હરિકૃષ્ણ દાળપકવાનની ચકાસણી કરવામાં આવી હતી.

### કુલ 3 નમૂના સેમ્પલ અર્થે લેબોરેટરીમાં મોકલાયા

(૧) બ્લેક ફોરેસ્ટ કેક (લુઝ): સ્થળ- રાજકોટ બેકરી, ૧૧-રણછોડનગર સોસાયટી, શાળા નં.૧૫ સામે, રાજકોટ.

(૨) ચોકો આલ્મંડ કેક (લુઝ): સ્થળ- મારુતિ બેકરી, બાલક હનુમાન મંદિર સામે, પેડક રોડ, રાજકોટ.

(3) ચોકલેટ ટ્રફલ કેક (લુઝ): સ્થળ- ઈઝ્ઝી બેકરી, રાજકોટ નાગરિક બેન્ક સામે, ડિલક્સ ચોક પાસે, ભાવનગર રોડ, રાજકોટ.



સરકાર એક ઇ-કેવાયસી કરી આપવા દિઠ કોન્ટ્રાક્ટરને પાંચ રૂપિયા ચુકવે છેઃ પણ અહિ 'ઉપરની મલાઈ' ખાવાનું મોંઘુ પડ્યું

# E-KYC માટે ૨૦ રૂપરડીમાં મોઢુ નાંખ્યુંઃ ACBએ દબોચ્યો

## ગ્રામ પંચાયતનો કોમ્પ્યુટર ઓપરેટર વધારાના રૂપિયા કટકટાવતો હોઇ છટકામાં રંગેહાથ ઝડપાઇ જતાં આબરૂ થઇ ધૂળધાણી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા.૨૭**

રાજકોટ: સરકારી અર્ધસરકારી કચેરીઓના તડદા પગારદાર કર્મચારીઓ, અધીકારીઓમાંથી અમુક એવા હોય છે જે મસમોટો પગાર મેળવતા હોવા છતાં ઉપરની મલાઇ ખાવાના અખભરા રાખતા હોય છે અને લાંચ સ્વરૂપે રોકડા સ્વીકારી માલામાલ થઇ જતાં હોય છે. પરંતુ લાલચ બુરી બલા હૈ આ વાતની પ્રતીતી કરાવતી એક એસીબીની ટ્રેપ સામે આવી છે. જેમાં એક ગ્રામ પંચાયતના કોમ્પ્યુટર ઓપરેટરે માત્ર વીસ રૂપરડીમાં મોઢુ માર્યુ હતું અને લાંચના છટકામાં આબાદ ઝડપાઇ જતાં આબરૂ ધુળધાણી થઇ ગઇ હતી. કેવાયસી માટે આ કર્મચારીએ વીસ રૂપિયાની લાંચ સ્વીકારતાં જ એસીબીની ટીમે તેને દબોચી લીધો હતો. આ પ્રકારની કાર્યવાહીને કારણે ગ્રામ્ય પંથકમાં સોંપો પડી ગયો હતો અને સાથે સાથે ચકચાર પણ જાગી હતી.

વિગતો પર નજર કરીએ તો હાલમાં રાશનકાર્ડ, આધારકાર્ડ સહિતના કેવાયસી કરાવવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. આ માટે લોકોને જે તે કચેરીના ધક્કા ખાવા પડે છે અને કલાકો સુધી કતારોમાં ઉભવું પડે છે. ત્યારે વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના મઢેલી ગ્રામ પંચાયતના કોમ્પ્યુટર ઓપરેટરને વડોદરા લાંચ રૂશ્વત વિરોધી શાખાએ રૂપિયા ૨૦ની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડતાં ચકચાર મચી ગઇ હતી. વિનામુલ્યે થતી કામગીરીના ઓપરેટર અરજદારો પાસેથી ઇ-કેવાયસી કરી આપવા માટે ૨૦ રૂપિયા ઉઘરાવતો હતો. નોંધનીય છે કે, સરકાર દ્વારા ઓપરેટરને ઇ-કેવાયસી માટે પ્રતિ એક ઇ-કેવાયસીકરવાના મહેનતાણારૂપે પાંચ રૂપિયા આપવામાં આવે છે. વધુ વિગતો જોઇએ તો ડભોઇ તાલુકાના અડોદરા ગામનો રહેવાસી હિમાંશુ જગદીશભાઇ પટેલનો વાઘોડિયા તાલુકાના મઢેલી ગ્રામ પંચાયતમાં ઇ-કેવાયસીની સહિતની કામગીરી કરી આપવાનો કોન્ટ્રાક્ટ ધરાવે છે.

સરકાર દ્વારા કેવાયસી ફરજિયાત કરાતા અરજદારો મોટી સંખ્યામાં કેવાયસી કરાવવા માટે ગ્રામ પંચાયત ખાતે ઉમટી પડ્યા હતા. સરકાર દ્વારા ઈકેવાયસી કરવાના પાંચ રૂપિયા



કોમ્પ્યુટર ઓપરેટરના ખાતામાં સીધા જમા કરવામાં આવતા હતા. અરજદારોએ એક પણ રૂપિયો આ કોમ્પ્યુટર ઓપરેટરને આપવાનો થતો નથી. તેમ છતાં કોમ્પ્યુટર ઓપરેટર હિમાંશુ પટેલ અરજદાર દીઠ કેવાયસી કરવાના તેમની પાસેથી વધારાના ૨૦-૨૦ રૂપિયા ઉઘરાવતો હતો.આ માહિતી વડોદરા એસીબીને મળી હતી, જેના આધારે એસીબીએ મઢેલી ગ્રામ પંચાયતમાં છટકું ગોઠવ્યું હતું. દરમિયાન કોમ્પ્યુટર ઓપરેટરને અરજદાર પાસેથી ઈકેવાયસી કરવાના રૂપિયા ૨૦ ઉઘરાવતા રંગે હાથ ઝડપી પાડ્યો હતો. અરજદારોને લૂટતા લાંચિયા ઓપરેટરની ધરપકડ કરીને એસીબી દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે છેલ્લા ત્રણ મહિનાથી હિમાંશુ પટેલ કોમ્પ્યુટર ઓપરેટર ઈ-કેવાયસીનું કામ કરતો હોય અરજદારો પાસેથી ૨૦ રૂપિયા પડાવતો હતો. હિમાંશુ પટેલ ૨૦ રૂપિયાની લાંચ લેતા ઝડપાતાં વિવિધ ગામોમાં કામ કરી રહેલા ઓપરેટરોમા ફફડાટ ફેલાઇ ગયો છે. આ રીતે દરેક જીલ્લા, તાલુકા કક્ષાએ હાલ ઇ-કેવાયસીની કામગીરી ચાલી રહી છે. જે મોટા ભાગે પુરી થવા આવી છે. આ વચ્ચે એક ગ્રામ પંચાયતો કોમ્પ્યુટર ઓપરેટર માત્ર વીસ રૂપિયાની લાંચમાં સપડાઇ જતાં ચકચાર મચી ગઇ છે. અરજદારોને કતારમાં ઉભા રાખીને જે કામ મફતમાં કરવાનું હતું તેના રૂપિયા કટકટાવતો હોઇ અત્યાર સુધી કેટલા અરજદારો પાસેથી નાણા મેળવ્યા? તે સહિતની તપાસ કરવામાં આવશે.

### યુવતિનું ગળુ કાપી હત્યા કરાયેલી લાશ ઘરના ઉપરના રૂમમાં મળી હતીઃ રહસ્ય પરથી પરદો ઉંચકાયો

# ભાવી પત્નિને બીજે લફરૂ છે તેવી શંકાએ મંગેતરે પતાવી દીધી'તી

## રત્નકલાકાર હત્યારો ચોરીછુપીથી હત્યા કરી ભાગી ગયોઃ પણ સીસીટીવી કેમેરાએ ભેદ ખોલ્યોઃ રાજસ્થાન બોર્ડર પરથી દબોચી લેવાયો

રાજકોટઃ રાજ્યભરમાં રોજબરોજ મારામારી, હત્યાની ઘટનાઓ બનતી રહે છે. અમુક હત્યાના બનાવમાં ભેદભરમ સર્જાતા હોય છે. તાજેતરમાં એક યુવતિની ગળુ કાપી ક્રુર હત્યા થઇ હતી. આ બનાવની તપાસ કરતી પોલીસ સામે ચોંકાવનારી હકિકત સામે આવી હતી. હત્યાનો ભોગ બનનાર યુવતિની તેના જ મંગતરે હત્યા કર્યાની વિગતો ખુલતાં અને હીરાઘસુ મંગેતર હત્યા કરી રાજસ્થાન તરફ ભાગી નીકળ્યો હોવાની માહિતી મળતાં પોલીસે પગેરૂ દબાવી તેને બોર્ડર પરથી દબોચી લીધો હતો. ચાર મહિના પહેલા જ આ યુવાનની સગાઇ થઇ હતી. પણ તેને શંકા હતી કે તેની મંગેતરને બીજા કોઇ સાથે લફરૂ છે. આ શંકા તેને તેણીની હત્યા કરવા સુધી દોરી ગઇ હતી.

વિગતો પર નજર કરીએ તો તાજેતરમાં જ સુરત મજૂરીકામ માટે આવેલી ડુંગરપુરની એક બાળકની માતા ત્રેવીસ વર્ષીય વર્ષાની હત્યા થઇ ગઇ હતી. ગળુ કાપીને તેની હત્યા કરવામાં આવી હતી. હત્યા કોણે અને શા માટે કરી? તેની તપાસ શરૂ થતાં પોલીસ સામે હોવાની સંજય પગી નામના તેણીના મંગેતરનું શકદાર તરીકે નામ ઉપસી આવ્યું હતું. વર્ષાના અગાઉ બે વખત લગ્ન થયા હતા. એ પછી છુટુ થઇ ગયા બાદ હાલમાં ચાર મહિના પહેલા જ તેની સગાઇ સંજય પગી સાથે થઇ હતી. વરાછા અર્ચના સ્કુલ પાસે હરિધામ સોસાયટીમાં રહેતા ભાઈ પાસે ગણતરીના દિવસો પહેલા જ રાજસ્થાનના ડુંગરપુરથી વર્ષા મજૂરીકામ માટે આવી હતી. આ યુવતીની હત્યા થઇ ગઇ હતી.

તપાસ થતાં તેણીને મંગેતર પતાવીને ફરાર થઇ ગયાની માહિતી મળતાં પોલીસે પેગરૂ દબાવતાં હત્યારો મંગેતર રાજસ્થાન બોર્ડર પરથી ઝડપાઇ ગયો હતો. વધુ માહિતી અનુસાર અગાઉ બે વખત લગ્ન કરનાર યુવતીની હવે ત્રીજી વખત રત્નકલાકાર સાથે ચાર મહિના પહેલા જ સગાઈ થઈ હતી.



જો કે મંગેતર વર્ષાને કોઇ બીજા સાથે લફરૂ છે તેવી રત્નકલાકારને શંકા હોઇ તેણે હત્યાની ઘટનાને અંજામ આપ્યો હતો. મુ રાજસ્થાનના ડુંગરપુર ગ્યાલાકોટના સમેલીઘાટનો વતની ઓગણીસ વર્ષીય ક્રિષ્ના વશીયાભાઇ ગુદા સુરતના વરાછા અર્ચના સ્કુલ પાસે હરિધામ સોસાયટી ઘર નં.બી/૬૦ ના ત્રીજા માળે છેલ્લા છ મહિનાથી ભત્રીજા પંકજ અને ભત્રીજી મનીષા સાથે ભાડાના મકાનમાં રહે છે અને ઘરની નીચે બીજા માળે હોટફીક્સના મશીન ચલાવી સાડીઓ ઉપર સ્ટોન લગાવવાની મજૂરી કરે છે. તેની મોટી બહેન વર્ષાના અગાઉ બે વખત લગ્ન થયા હતા અને તેને બે વર્ષનું બાળક પણ છે. આગલા લગ્ન તૂટી ગયા હોઇ હાલમાં ચારેક મહિના પહેલા વર્ષાની સગાઇ મહીસાગર જીલ્લાના ખાનપુરના જેતપુર વડાગામના વતની અને સુરતમાં રત્ન કલાકાર તરીકે કામ કરતા સંજય રયજીભાઇ પગી સાથે સગાઈ થઈ હતી. વર્ષા ભત્રીજા પંકજ સાથે વતનથી સુરતમાં સ્ટોન ચોંટાડવાની મજૂરીકામ માટે આવી હતી અને ક્રિષ્ના સાથે જ રહી તેની સાથે જ કામ કરતી હતી.

જયારે તેનું બાળક વતનમાં માતાપિતા સાથે રહેતું હતું. દરમિયાન સંજય ક્રિષ્નાના ઘરે આવ્યો હતો અને બે દિવસ રજા છે એટલે આવ્યો છું કહી તેમની સાથે જ રહેતો હતો. બાદમાં વર્ષા કામ કરતી હતી ત્યારે મને તાવ આવે છે સારું લાગતું નથી હું રૂમ ઉપર જાઉં છું કહી ઉપર ગઈ હતી. એ પછી ભત્રીજી મનીષા રૂમ ઉપર ગઈ ત્યારે વર્ષા ગળાના ભાગે ઈજાના નિશાન સાથે લોહીલુહાણ હાલતમાં પડેલી હોય તેણે પંકજને કહેતા તેણે કામ માટે બહાર ગયેલા ક્રિષ્નાને જાણ કરી હતી. ક્રિષ્ના અને તેના શેઠ કમલેશભાઈ ત્યાં દોડી ગયા હતા અને આ અંગે ૧૦૮ એમ્બ્યુલન્સ અને પોલીસને જાણ કરતા તેઓ ત્યાં દોડી આવ્યા હતા.૧૦૮ એમ્બ્યુલન્સમાં હાજર સ્ટાફે વર્ષાને મૃત જાહેર કરતા પોલીસે વર્ષા રૂમ ઉપર આવી તે સમયે ત્યાં હાજર સંજયની તપાસ કરી તો તે મળ્યો નહોતો. પોલીસે સીસીટીવી ફૂટેજ ચેક કરતા તે ત્યાંથી જતો નજરે ચઢ્યો હતો. આથી પોલીસે ક્રિષ્નાની ફરિયાદના આધારે સંજય વિરૂધ્ધ હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.પોલીસને હત્યા કરી ફરાર સંજયને રાજસ્થાન બોર્ડર પરથી ઝડપી પાડવામાં આજે સાંજે સફળતા મળી હતી.પોલીસની પ્રાથમિક તપાસમાં સંજયને વર્ષાનું અન્ય સાથે અફેર હોવાની શંકા હોવાથી તેણે હત્યા કરી હોવાનું જાણવા મળ્યું છે.વધુ તપાસ પોલીસ ઇન્સ્પેક્ટર આર.બી.ગોજીયા કરી રહ્યા છે. શંકાનો કીડો કઇ હદ સુધી માણસને લઇ જતો હોય છે તેની પ્રતીતિ આ ઘટના પરથી થઇ રહી છે.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# ટાઢોડામાં ગરમાવો

## પકડનારા કરતા પીનારા વધારે શક્તિશાળી લાખોનો પકડાયો, પણ..



ટાઈઢ સાત-આઠ ડિગ્રી આંટા લઈ ગઈ છે. ભલભલાને ધ્રુજાવી દે તેવો શિયાળો જામ્યો છે. ડિસેમ્બરની ઠંડી અને તેમાં પણ બાય બાય ૨૦૨૪નો અવસર, શોખીનોને તલબ જાગે તેવો આ માહોલ ગણાય, પોલીસ તંત્ર સામે આ મોટો પડકાર છે.

ગુજરાત પોલીસે કહ્યું કે અમે ચાંપતી નજર રાખી રહ્યા છીએ. દરરોજ લાખો રૂપિયાની બોટલ પકડાઈ રહી છે. જોકે પકડનારા કરતા પીનારા વધારે શક્તિશાળી હોય તેમ ધૂમ પીવાય રહ્યો છે. જાણકારો કહે છે કે દસેક ટકા પકડીને અન્ય જવા દેવાનું વ્યવસ્થિત સેટિંગ ચાલતું હોય તેમ લાગે છે.

પ્રકૃતિને પણ ગજબનો નશો ચડ્યો હોય તેમ ઝૂમે છે શિયાળો બરાબરનો આટા લઈ ગયો છે. ત્યારે મેઘરાજા પણ થર્ટી ફર્સ્ટની પાર્ટીમાં મહાલવાની તૈયારી કરી રહ્યા છે. વાવાઝોડું ઉઠ્યું છે, જેના ભાગરૂપે ગુજરાતમાં અમુક જગ્યાએ કરા સાથે માવઠાની આગાહી થઈ છે. આવું થાય તો ઠંડી વધારે જોર પકડશે. આ સ્થિતિમાં ગરમાવા માટે પીવું તો પડે ને ? આવી દલીલ ઘણા શોખીનો કરી રહ્યા છે.

ઠંડીમાં ગરમાવો જરૂરી છે, પણ તેના માટે પીવું એ એક જ વિકલ્પ નથી. આરોગ્ય શાસ્ત્ર પ્રમાણે આલ્કોહોલ ગટગટાવવાથી ગરમાવાનો આભાસ થાય છે, પણ શરીર વાસ્તવમાં ગરમ થતું નથી. આલ્કોહોલથી ફાયદા કરતાં નુકસાન વધારે થાય છે. ગરમાવો રહે તે માટે અનેક પ્રયોગો શાસ્ત્રોમાં છે તેનો ઉપયોગ કરવો જોઈએ.

આલ્કોહોલનું વ્યસન થઈ જાય છે. પોલીસ તંત્રની અસીમ કૃપાથી આવા વ્યસનીઓ ગુજરાતમાં ખૂબ વધી ગયા છે, એક ઘૂંટડા માટે ચારે બાજુ ફાફા મારતા જોવા મળે છે, રોજ પીવાનું મોંઘુ લાગે ત્યારે દેશી તરફ વળી જાય છે.

૩૧ ડિસેમ્બર અનુસંધાને દરરોજ ગુજરાતભરમાંથી દારૂ પકડાય છે. જથ્થો ઝડપી લેવાના નાટક ચાલે છે. આશ્ચર્ય એ છે કે પોલીસની નજર માત્ર વિદેશી બોટલ પર જ રહે છે.

ગુજરાતમાં ગામેગામ દેશી કોથળીઓની ધૂમ મચી છે. આ અંગે પોલીસ કંઈ બોલતી નથી અસંખ્ય સામાન્ય પરિવારો બરબાદ થઈ રહ્યા છે. દારૂડિયા જાહેર માર્ગો પર ડીંગલ કરી રહ્યા છે. દારૂથી દરરોજ જીવલેણ અકસ્માતો થાય છે. પીધેલા વાહનચાલકો ભાન ભૂલીને ડ્રાઈવિંગ કરે છે અને નિર્દોષ લોકોને કચડી નાખે છે.

ગુજરાત ભરમાં સ્થિતી કફોડી બની છે. નશાખોરો દારૂથી આગળ વધીને ડ્રગ્સના રવાડે ચઢી રહ્યા છે. જીવલેણ નશા શેરીઓમાં સરળતાથી પ્રાપ્ત થવા લાગ્યા છે. આ સ્થિતિ અંગે પોલીસ તંત્ર અંધારામાં હોય જ નહીં, તંત્રના અનરાધાર આશીર્વાદ નશાખોરીની દુનિયામાં વરસતા રહે છે. ''ખિસ્સું ગરમ કરો અને શિયાળામાં ગરમાવવાની મોજ માણો'' આ સૂત્ર કામ કરી રહ્યું છે.

!! લાખ રૂપિયાની વાત !!

બૂટમાં પડેલ કાકરાને, જ્યાં સુધી નહિ કાઢીએ ત્યાં સુધી એ દુ:ખ સે જ, એવી જ રીતે દુ:ખી કરતી વાતો અને દુ:ખી કરતી વ્યક્તિને મન માંથી નહીં કાઢીએ ત્યાં સુધી એ તકલીફ આપતી જ રહેશે.



પુ ભક્તિ સ્વામીજી
પ્રમુખ શ્રી અખિલ ભારતીય સંત સમિતિ રાજકોટ જિલ્લા

પુ ભક્તિ સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક)
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# ભારત શેખ હસીનાને બાંગ્લાદેશ નહીં મોકલે

## લઘુમતીઓના રક્ષણ અને તમામ ધર્મના લોકોના માનવ અધિકારોનું સન્માન કરવા વચગાળાની સરકાર પાસેથી ખાતરી માંગી : ભારતના આકરા તેવર

નવીદિલ્હી, તા. ૨૭

મોહમ્મદ યુનુસની આગેવાની હેઠળની વચગાળાની રખેવાળ સરકાર કોઈપણ ડર વિના લાલ રેખાઓ પાર કરી રહી હોય તેવું લાગે છે. હિંદુઓ પરના હુમલાઓ અને મંદિરોમાં તોડફોડની ઘટનાઓને નિર્લજ્જતાથી નકારી કાઢ્યા પછી, તેણે અનિચ્છાએ આ હુમલાઓને સ્વીકાર્યું છે, જોકે ખૂબ ઓછી સંખ્યામાં છે, અને તેને શેખ હસીનાના સમર્થકો અને આંદોલનકારીઓ વચ્ચેના રાજકીય ઝઘડા તરીકે વર્ણવ્યું છે. વિદેશ મંત્રી એસ જયશંકરની યુ.એસ.ની મુલાકાત સાથે, યુએસ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવને બાંગ્લાદેશમાં લઘુમતીઓ પરના હુમલાની ગંભીર નોંધ લીધી છે અને લઘુમતીઓના રક્ષણ અને તમામ ધર્મના લોકોના માનવ અધિકારોનું સન્માન કરવા વચગાળાની સરકાર પાસેથી ખાતરી માંગી છે.



જો કે, ઢાકાની આ ખાતરીઓમાં વિશ્વસનીયતાનો અભાવ છે કારણ કે બાંગ્લાદેશમાં યુ.એસ. પાસે કોઈ દેખરેખની વ્યવસ્થા નથી, ન તો લઘુમતીઓની સુરક્ષા પ્રાથમિકતા છે. નવી દિલ્હીએ ઢાકાને તેના હોશમાં લાવવા માટે તેના પોતાના લાભનો ઉપયોગ કરવાની જરૂર છે. સામાન્ય સ્થિતિને પુનઃસ્થાપિત કરવા અને સામાજિક સંવાદિતાનું વાતાવરણ બનાવવા માટે જવાબદાર પગલાં લેવાથી દૂર, શાસન એક જ ઉદ્દેશ્ય પર કેન્દ્રિત છે - બરતરફ કરાયેલા વડા પ્રધાન શેખ હસીના સામે બદલો અને પ્રતિશોધની તેની રાજનીતિ ચાલુ રાખવી. ચૂંટાયેલા વડા પ્રધાનને હટાવીને સત્તા કબજે કરનાર બિનચૂંટાયેલી સરકારે ભારતને ઓગસ્ટ ૨૦૨૪માં ભારત ભાગી ગયેલી શેખ હસીનાને પ્રત્યાર્પણ કરવા કહ્યું છે.

### શું ભારતે શેખ હસીનાનું પ્રત્યાર્પણ કરવું જોઈએ?

વિડંબના એ છે કે આઈસીટી, જેણે શેખ હસીના સામે ધરપકડ વોરંટ જારી કર્યું હોવાનું કહેવાય છે, તે ન તો સક્ષમ છે કે ન તો રાજકીય બાબતોને સંભાળવા માટે અધિકૃત છે. અવામી લીગ સરકાર દ્વારા ૨૦૧૦ માં સ્થપાયેલ, બાંગ્લાદેશની ICTY એ ઘરેલું યુદ્ધ અપરાધ ટ્રિબ્યુનલ છે જે ૧૯૭૧ બાંગ્લાદેશ મુક્તિ યુદ્ધ દરમિયાન કરવામાં આવેલા ગુનાઓ માટે વ્યક્તિઓની તપાસ અને કાર્યવાહી કરે છે. શેખ હસીના અને તેમના પરિવારના સભ્યો નરસંહારનો ભોગ બન્યા હતા, કોઈ પણ રીતે ગુનેગાર ન હતા. નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા મોહમ્મદ યુનુસ મિડલ ટેનેસી સ્ટેટ યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્રના આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા હતા જ્યારે પાકિસ્તાન આર્મીએ ૧૯૭૦-૭૧માં પૂર્વ પાકિસ્તાનમાં માનવતા વિરુદ્ધ ઈતિહાસના સૌથી ખરાબ ગુનાઓ આચર્યા હતા. જો તે સાક્ષી ન હતો, તો તેણે મુક્તિ સંગ્રામના ઈતિહાસ અને આઈસીટીના આદેશથી પોતાને પરિચિત કરવા જોઈએ.

ઢાકાનો દાવો છે કે ઈન્ટરનેશનલ ક્રિમિનલ ટ્રિબ્યુનલ (ICT) એ પૂર્વ વડાપ્રધાન વિરુદ્ધ ધરપકડ વોરંટ જારી કર્યું છે. ૭૭ વર્ષીય શેખ હસીના ઉપરાંત તેમના કેટલાક કેબિનેટ સાથીદારોને પણ ચાર્જશીટ કરવામાં આવી છે

નિર્ણય લેવા માટે કોઈ ચૂંટાયેલી સરકાર અથવા ઔપચારિક કેબિનેટ ન હોવા છતાં, બાંગ્લાદેશના ગૃહ સલાહકાર જહાંગીર આલમે જણાવ્યું હતું કે તેમના કાર્યાલય, 'ગૃહ મંત્રાલય', તેમની વિરુદ્ધ કાનૂની કાર્યવાહીને સરળ બનાવવા માટે ન્યાય અપાવવા માટે કાર્યવાહી શરૂ કરી છે 'વિદેશ મંત્રાલય'. 'વિદેશ મંત્રાલય'ના સલાહકાર તૌહીદ હુસૈન, જેઓ હકીકતમાં વિદેશ પ્રધાન તરીકે કામ કરી રહ્યા છે, તેમણે નવી દિલ્હીને એક મૌખિક નોંધ મોકલીને ભારત સરકારને ભૂતપૂર્વ વડા પ્રધાનને સોંપવાની વિનંતી કરી છે. ઢાકા કાં તો નિષ્કપટ છે, મૂર્ખ છે, સ્વદેશ પરત ફરવાના નિયમોથી અજાણ છે અથવા આવી વિનંતી માટે જરૂરી પ્રક્રિયાઓને જાણી જોઈને અવગણી રહી છે.

## સોશિયલ મિડીયાના માધ્યમનો વધુ એક વખત દૂરૂપયોગ

### અગાઉ પણ પોક્સો, લૂંટમાં આરોપી સંડોવાયો હતો

# છાત્રાને ફસાવી વારંવાર દૂષ્કર્મ આચર્યું: વિધર્મી ઢગો ઝડપાયો

## મોરબી પોલીસે દબોચી લઇ હવસખોરી ઉતારી: આ પ્રકારના લેભાગુઓ સાથે મિત્રતા-પ્રેમ કરતાં પહેલા ચેતવું જરૂરી

દર્શનસિંહ જાડેજા દ્વારા
રાજકોટ મિરર, તા. ૨૭

રાજકોટ: મિત્રતા, લવ લફરામાં ફસાવી લેભાગુઓ સગીરાઓ, યુવતિઓનું શારીરિક, માનસિક અને ક્યારેક આર્થિક શોષણ કરતાં હોવાની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. આવા વધુ એક કિસ્સામાં એક વિધર્મી એ એક છાત્રાને પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી તેની સાથે દૂષ્કર્મ આચરી લેતાં પોલીસે કાર્યવાહી કરી આરોપી ઢગાને દબોચી લઇ હવસખોરી ઉતારી નાખી છે. બીજા એક બનાવમાં એક દંપતિએ સગાની ઘરે ગયા ત્યારે બંનીની ઈચ્છાથી પોતાની અંગત પળોનો વિડીયો બનાવ્યો હતો. આ પછી વિડીયો જે મોબાઇલમાં હતો તે મોબાઇલ ફોન ખોવાઇ ગયો હતો. બાદમાં આ મોબાઇલમાં રહેલો તેનો વિડીયો સોશિયલ મિડીયા પર વાયરલ થઇ ગયો હતો. જેને આ ફોન મળ્યો હતો તેણે આ વિડીયો વાયરલ કરી દેતાં પોલીસ હવે તેને શોધી રહી છે.દૂષ્કર્મની ઘટના પર નજર કરીએ તો મોરબી શહેરમાં રહેતી સગીરાને સોશ્યલ મીડિયાના માધ્યમથી તેમજ ટયુશનમાં સંપર્કમાં આવ્યા બાદ પ્રેમજાળમાં ફસાવી સગીરાને લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચર્યાની ઘટના ધ્યાને આવતા પોલીસે ફરિયાદ નોંધીને આરોપી વિધર્મી યુવકને ઝડપી લઈને કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. મોરબી શહેરમાં રહેતી સગીરાને પ્રેમજાળમાં ફસાવી આરોપી સાહિલ ઈલ્યાસ કટિયા નામના શખ્સે અનેક વખત દુષ્કર્મ આચર્યું હતું. અગાઉ મોરબી શહેરમાં રહેતો ભોગ બનનાર સગીરાનો પરિવાર બાદમાં સામાકાંઠા વિસ્તારમાં રહેવા જતો રહ્યો હતો છતાં આરોપી સાહિલે સગીરાને સંબંધ રાખવા દબાણ કરી તેમજ પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપવાનું ચાલુ રાખ્યું હતું. જેથી સગીરાની માતાએ આખરે બી ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદને પગલે પોલીસે સાહિલ ઈલ્યાસ કટિયા નામના શખ્સને ઝડપી લઈને વધુ તપાસ ચલાવી છે. પોલીસના કહેવા મુજબ આ શખ્સ રીઢો ગુનેગાર છે, જેના વિરૂધ્ધ અગાઉ એ ડીવીઝન પોલીસ મથકમાં પોક્સો તેમજ ચોરીના બે અને એક લૂંટનો પણ એક ગુનો નોંધાઇ ચુક્યો હતો. હવે તેણે વધુ એક સગીરાને ફસાવીને દૂષ્કર્મ આચરી લીધુ છે.



### લાલબત્તી સમાન કિસ્સો-દંપતિનો અંગત પળોવાળો વિડીયો જેમાં હતો તે મોબાઇલ ખોવાઇ ગયા બાદ વિડીયો થઇ ગયો વાયરલ: પોલીસે શરૂ કરી તપાસ

બીજા એક લાલબત્તી સમાન કિસ્સાની વિગતો જોઇએ તો અમદાવાદમાં પતિ-પત્નિ પોતાના ઘરે વાતો કરી રહ્યા હતા તે સમયે તેમનો પરિચિત તેમની પાસે આવ્યો અને કહ્યું કે, તમને કંઈ ખબર પડી તમારા અંગત પળોના વીડિયો વાઈરલ થયા છે. જે સાંભળી પહેલાં તો પતિ-પત્ની આ માનવા તૈયાર ન હતા ,પરંતુ પરિચિત વ્યક્તિએ તેઓએ વીડિયો તેમને બતાવ્યો અને પતિ-પત્ની બંને ચોકી ઊઠ્યા હતા. આ સમગ્ર બાબતે તપાસ કરતા ખબર પડી કે, તેમનો મોબાઈલ ફોન ક્યાંક પડી ગયો હતો તે ફોનની અંદર તેમના અંગત પળોના વીડિયો હતા. જે વ્યક્તિના હાથમાં મોબાઈલ આવ્યો છે તેણે આ વીડિયો વાઈરલ કરી દીધા છે. ત્યારે આ સમગ્ર મામલે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

અમદાવાદના નદી કિનારે આવેલા એક પોલીસ સ્ટેશનમાં પતિ-પનિએ ફરિયાદ નોંધાવી હતી કે, તેઓના અંગત અંગત પળોના વીડિયો વાઈરલ થઈ ગયા છે. પોલીસ પાસેથી મળતી માહિતી પ્રમાણે, અમદાવાદમાં રહેતા દંપતિએ સામાજિક રીત રિવાજ મુજબ લગ્ન કર્યા હતા. લગ્નના થોડા સમય પછી બંને વચ્ચે મનમેળ ન રહેતા તેઓએ છૂટાછેડા લઈ લીધા હતા, પરંતુ ફરી સમયનું ચક્ર ફર્યું અને તેઓ ફરીથી એકબીજાને મળ્યા અને ત્યારથી ફરીથી તેઓ પતિ-પત્ની તરીકે રહેવા લાગ્યા હતા. આ બંનેએ પોતાના નાના બાળક સાથે ખૂબ ખુશખુશાલ જિંદગી જીવવાની શરૂઆત કરી હતી. તેમની વચ્ચે કોઈપણ અણબનાવ કે મતભેદ પણ ન હતો. તે દરમિયાન રાજેશ અને નિશા એક વખત તેમના પરિચિતના ઘરે ગયા અને તેમના ઘરે રોકાયા હતા. તે સમયે પતિ-પત્નીએ સંબંધો બાંધ્યા હતા, તેને પતિએ તેના મોબાઈલમાં રેકોર્ડ કર્યા હતા અને આ તમામ વાત બંનેની સહમતિથી થઈ હતી.

રાજેશના મોબાઈલમાં આ અંગત પળો વીડિયો સ્વરૂપે હતા. ત્યારે તેઓ થોડા દિવસ પહેલા એક જગ્યાએ ખરીદી કરવા માટે ગયા હતા. જ્યાં પત્નીના હાથમાંથી ફોન પડી ગયો અને તેની તેને જાણ પણ ના થઈ હતી. આ અંગે પાછળથી બંનેને અહેસાસ થયો હતો કે તેમનો ફોન ક્યાંક પડી ગયો છે. જેની તેમણે પોલીસને જાણ કરી ન હતી. તેના એક અઠવાડિયા પછી તેના પરિચિત ઘરે આવ્યા અને કહ્યું કે, તમારા બંનેના અંગત પળો હાલ વિસ્તારના અનેક લોકોના મોબાઈલમાં છે અને તે વાઈરલ થઈ ગયા છે. રાજેશ અને નિશા આ બધું સાંભળીને અને આ વીડિયો જોઈને ગભરાઈ ગયા હતા. તેમની બદનામી થશે તેવું તેઓ જાણીને ખૂબ ચિંતામાં હતા. આ સમગ્ર મામલે તેમણે સાયબર ક્રાઇમ હેલ્પલાઇન ૧૯૩૦માં ફોન કરીને જાણ કરી હતી. ત્યાર બાદ આ અંગે સ્થાનિક પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. આ ઘટના ભલે હાલ કોઇપણ પોલીસ ચોપડે નોંધાઈ પણ દરેક દંપતિએ અથવા પ્રેમી પંખીડાઓએ વાત ધ્યાનમાં રાખવાની જરૂરી છે કે તમારા અંગત પળો જો મોબાઈલમાં હોય અને તે કદાચ જો લીક થઈ જાય તો તમે તેને ક્યાંય રોકી નહીં શકો. આ સમગ્ર બાબત અંગે લોકોએ આંખો ઉઘાડવી જરૂરી છે.

## શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

## ચિંતનની ક્ષણે

# પ્રારબ્ધ એટલે ધન દોલત નહીં પણ ઈશ્વર સન્મુખ થવા માટે કોઈ સાધુ નો સંગ થવો



મિત્રો- શુભ સવાર
હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. લગભગ બધાનાં જીવન કોઈ ને કોઈ સમસ્યાથી ઘેરાયેલા હોયને એક પોઈન્ટ પર બધાં વિચારતા હોય કે, શું આ મારું પ્રારબ્ધ છે કે પછી પરમેશ્વરની કે પરમહંસ માંથી કોઈની મરજી છે? અથવા તો એ બધાં એક જ છે ? થોડું સુક્ષ્મ છે. પ્રારબ્ધ એટલે, સકલ અસ્તિત્વ રૂપ પ્રકૃતિના નીતિ નિયમ મુજબ જીવાયું છે કે, નથી જીવાયું! એ મુજબ અસ્તિત્વ આપણું પ્રારબ્ધને લખે છે.પરમેશ્વર એટલે ઈશ્વર સમગ્ર અસ્તિત્વની જેના હાથમાં દોર છે તે, પરંતુ તે નિષ્પક્ષ અને નિર્દોષ છે, એટલે પ્રકૃતિના કાર્યમાં મોટેભાગે વિક્ષેપ કરતા નથી, અને પરમ હંસ એટલે સદગુરુ, જે સાધક શિષ્યના ઉજ્વળ ભવિષ્ય માટે પણ ક્યારેક ક્યારેક કોઈ કઠીન પરીક્ષાઓમાંથી એને પસાર કરે છે, અને પરમહંસની મરજી પાસે પરમેશ્વર અને પ્રકૃતિ પણ મૌન રહે છે. એટલે કે ક્યારેક-ક્યારેક ભવભવના બંધનો છોડાવવા માટેની કોઈ પરીક્ષા પણ હોઈ શકે. ખેર જીવે તો પોતાની રીતે આશ્વાસન લઈ લીધું કે, જેના ખભા મજબુત હોય તેના માથે જ આ ત્રણે ભાર નાખે છે. પરંતુ આખરે આ નસીબ કે પ્રારબ્ધ એ શું છે? સદીઓથી માનવી આ ઉલઝનમાં ઉલજતો જોવા મળે છે. ક્યારેક ક્યારેક એ કર્મને નામે ડરતો જોવા મળે છે, તો ક્યારેક ક્યારેક પ્રારબ્ધને કારણે ઉન્મુક્ત થઈને ફરતો પણ જોવા મળે છે. સમાજમાં ઘણી બધી માનસિકતાવાળા લોકો વસતા હોય છે, અને એમાંના ઘણા લોકો પ્રારબ્ધવાદી હોય છે. એટલે કે નસીબને રોનારા હોય, જ્યારે ઘણા પુરુષાર્થથી પ્રારબ્ધને બદલી શકવાની ક્ષમતા વાળા પણ હોય છે. પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા માટે માનવીને પ્રાથમિક જરૂરિયાત રૂપે થોડા ઘણા વસ્તુ પદાર્થની જરૂર પડે છે, અને એ આસાનીથી મળી જાય તેને આપણે ઉજળું પ્રારબ્ધ કહેતા હોઈએ છીએ, અને આસાનીથી ન મળે તેને નસીબ ફૂટલાં કહેતા હોઈએ છીએ. પરંતુ ભૌતિક પદાર્થો હોવા એ પ્રારબ્ધ નથી. તો પછી પ્રારબ્ધ એટલે શું? પ્રારબ્ધ એટલે મૃત્યુ પહેલા પરમેશ્વરને ઓળખી લેવો, અને તેની ઉદારતાને કારણે આપણું અસ્તિત્વ ટકી રહ્યું છે, એની અનુભૂતિ કરવી, અને આ કાર્ય પાર પાડવા માટે થઈને સમયની કસોટીઓ રૂપે કંઈક મોડ આવે છે. એટલે કે આમ જુઓ તો મોકો મળે છે, પરંતુ આપણે તેનો અર્થ જુદો કરી, અને એ તક ગુમાવી બેસીએ છીએ. જ્યારે સૌથી વધુ ધીરજની જરૂર હોય, ત્યારે આપણે અધીરા થઇએ છીએ. તો આ વાતનો સંદર્ભ લઈને આજે આપણે તરાને કી તર્જ જીવન કા અર્ક માં આગળ ચિંતન કરીશું.

હાથો કી ચંદ લકીરો કાં,(૨)
સબ ખેલ હૈ તકદીરો કા,(૨)
તકદીર હૈ ક્યાં મેં ક્યાં જાનૂ,(૨)
મેં આશિક હું તદબીરો કા,(૨)
લાલા કામ બડે,
ઓ શોક તુઝે તકરીરો કા,(૨)
મેં માલિક અપની કિસ્મત કાં,(૨)
મેં બંદા અપની હિમ્મત કાં,(૨)

૧૯૮૨ માં બનેલી વિધાતા ફિલ્મનું આ ગીત છે, ફિલ્મમાં દિલીપકુમાર, શમ્મી કપૂર, સંજીવ કુમાર, સંજય દત્ત, પદ્મિની કોલ્હાપુરે, એ અભિનય આપ્યો હતો, અને આ ગીતના ગાયક સુરેશ વાડકર છે, અને શબ્દો છે આનંદ બક્ષી સાહેબનાં. ફિલ્મનું સંગીત આનંદજી વીરજી શાહ, અને કલ્યાણજી વીરજી શાહનું છે.

ફિલ્મની વાતમાં આપણે જવું નથી, આપણે ફક્ત ગીતના બોલને પકડીએ તો શું હાથોની ચંદ લકીરો પર જ આપણું જીવન ઘડાય છે, કે કંઈક બીજું પણ પ્રબળ પરિબળ છે ખરું? જવાબ છે હા, માનવીનું ધ્યેય કે માનવીનું લક્ષ્ય એ એક બીજું પ્રબળ પરિબળ છે. સમાજમાં એવા તો કેટલાય દાખલાઓ છે, કે જે જન્મથી આર્થિક રીતે તો સદ્ધર નથી, શારીરિક રીતે પણ સક્ષમ નથી, છતાં તેમણે બહુ મોટી મોટી સિદ્ધિઓ હાંસલ કરી છે, એ બતાવે છે કે આપણા લક્ષ્યની શુદ્ધતા જીવનના તમામ રંગો બદલી શકે છે. લક્ષ્ય અન્યને હાનિ પહોંચાડે તેવું ન હોવું જોઈએ. એટલે કે આજકાલ વૈજ્ઞાનિક રીતે સિદ્ધિઓ પ્રાપ્ત કરવા માટે ન જાણે કેટલા બધા જીવ સાથે ચેડા કરવામાં આવે છે, જે લક્ષ્યની શુદ્ધતા નથી. સમગ્ર માનવજાતના વિકાસ માટે આ એક બહુ યાદ રાખવા જેવી વાત છે, કે વિશ્વમાં માનવ જાતિના સ્વાસ્થ્ય માટે કરાતી શોધ, માનવીને સંવેદનહીન બનાવતી જાય છે, એ એક સૌથી મોટો પડકાર છે, અને એને કારણે પ્રકૃતિ અસંતુલિત થઇ રહી છે, અને આપણે સૌ જાણે અજાણે આ કર્મ જાળના બંધનમાં બંધાઈ રહ્યાં છીએ.

આપણી સંસ્કૃતિ અને એમાં પણ ખાસ કરીને ગુજરાતી સંસ્કૃતિમાં બાળકના જન્મ પછી છઠ્ઠી માંડવાનો રિવાજ છે, અને છઠ્ઠીએ વિધાતા બાળકના લેખ લખે છે, એવી એક માન્યતા પણ છે. હવે બહુ સ્વાભાવિક રીતે જ છ દિવસના બાળકનું કોઈ કર્મ તો હોતું નથી, એટલે જો વિધાતા લેખ લખતી હોય તો, પૂર્વજન્મનાં કર્મફળ મુજબ આ લેખ હોય, અને તેનો જન્મ થઈ ચૂક્યો છે, એટલે અડધું કર્મફળ તો તેણે મેળવી લીધું છે. એટલે કે તેનો કોના ઘરે જન્મ થયો છે, શ્રીમંત! મધ્યમ! કે શ્રમિક વર્ગ! એ પરથી નક્કી થાય છે. પરંતુ જન્મનાર બાળક શું ફક્ત આ પ્રકારના પ્રારબ્ધ પર જ આધારિત હોય છે? પહેલી વાત તો જીવનમાં સુખ સગવડ અને એશોઆરામ માટે જ જન્મ છે? કે પછી કંઈક વિશેષ કરવા માટે મનુષ્ય દેહ મળ્યો છે? એ નક્કી કરવું પડે.

પ્રકૃતિ, પરમેશ્વર તરફ જીવને સન્મુખ કરનાર પરમ હંસ સાથે ભેટો થવો, એ માનવીનું સૌથી મોટું પ્રારબ્ધ બળ છે. સમયે આ સત્ય સમજાઈ જાય તો માનસિકતા માંથી ધનદોલત વાળા પ્રારબ્ધને એક બાજુ કરી શકાય. અસ્તિત્વે તેને અહીં શું કામ જન્મ આપ્યો? પ્રકૃતિ કે પરમેશ્વરનો આભાર માનતું કોઈ કર્મ કર્યું? એવો કોઈ પ્રશ્ન થાય તો તે અસ્તિત્વમાં પરમેશ્વરની ખોજ કે તેની માટેની જીજ્ઞાસા ઉદભવે છે, અને એ બહુ જરૂરી છે. સન્યાસ લીધા વગર સંસારને એક બાજુએ રાખીને દિવસમાં એકાદ કલાક માટે આવું કંઈક વિચારવું જરૂરી છે. પરંતુ આપણાં અજ્ઞાનને કારણે બેંકોમાં અને કબાટોમાં રૂપિયા-પૈસાની થપ્પીઓ ગોઠવાતી હોય તે જ નસીબદાર છે, એવી એક ભ્રામકતા છે, એને કારણે આપણે આ માનવ જન્મનું મૂલ્ય કરી શકતાં નથી.

કવિએ પોતાનાં ગીતમાં આગળ લખ્યું છે, કે આ હાથોની ચંદ લકીરોને હું બદલી શકું એમ છું, મારી કિસ્મતનો હું માલિક છું,કારણ કે હું હિમ્મત ધરાવું છું, એટલે કે માનવજીવન માટેની જરૂરિયાતો તો હું પુરુષાર્થથી મેળવી લઈશ, અને એની માટે યુક્તિ-પ્રયુક્તિ ઉપાય બધું જ હું કરી શકીશ, તકરીર એટલે કે ભાષણબાજી પણ મને સારી આવડે છે, એટલે સમાજને પ્રભાવિત પણ હું કરી લઈશ, પણ આ બધા કંઈ લકીરોના ખેલ નથી, કારણકે પ્રારબ્ધ શું છે એ હું શું જાણું? કવિને કદાચ પ્રારબ્ધ શું છે? એની જાણ નથી, પરંતુ આપણને તો હવે પ્રારબ્ધ શું છે! એની જાણ સદગુરુ કૃપા એ થઈ ગઈ છે. કે જીવન જરૂરિયાતની સાધન સંપન્નતા કે એશોઆરામ માત્ર, એટલું જ પ્રારબ્ધમાં આવતું નથી. પ્રારબ્ધ એટલે પ્રકૃતિ અને પરમેશ્વર તરફ સન્મુખ થવા માટેની સુવિધા ઊભી થવી એ છે. કોઈ પરમહંસ સ્વરૂપ સદગુરૂનો જીવનમાં સત્સંગ થાય, તેનું નિત્ય સાનિધ્ય પ્રાપ્ત થાય, અને ઓછામાં ઓછી મહેનતે, આ સત્ય સમજાય. એટલે કે સંસારમાં રહીને જ આપણે ઈશ્વરને જાણી શકીએ, જોઈ શકીએ, અને માણી શકીએ, તો આપણે નસીબદાર છીએ એવું કહી શકાય. આપણે સૌ પ્રારબ્ધના નવા અર્થ સાથે, પરમેશ્વર અને પ્રકૃતિની સન્મુખ થઈએ, અને તેને અનુભવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના, ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### રંગીલા રાજકોટમાં વધુ એક વખત સામે આવી વ્યાજંકવાદની ઘટનાઃ પરિચીતે જ યુવાનને નીચોવી લીધો

# ૧૫ની સામે ૩૬ લાખ દીધા તો'ય ૮ લાખ માંગી ઢાળી દેવાની ધમકી!

### દૂધની ડેરી પાસે રહેતાં બાંધકામના ધંધાર્થી આબિદ ચાવડાની ફરિયાદને આધારે થોરાળા પોલીસે રામનાથપરાના જાહીદ કાદરી સામે દાખલ કરી એફઆઈઆરઃ ધરપકડની તજવીજ

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૭**

રાજકોટ: રાજ્યભરમાં વ્યાજંકવાદની ઘટનાઓ કોઇ રીતે અટકતી નથી. જ્યારે દર વર્ષે ઝુંબેશ શરૂ થાય ત્યારે અમુક સમય સુધી વ્યાજખોરો શાંત પડી જતાં હોય છે. પરંતુ ફરીથી આવા ચામડાતોડ વ્યાજખોરો મેદાને આવી જતાં હોય છે. રાજકોટ શહેરમાં વધુ એક આ પ્રકારની ગુનાનોરી પોલીસ ચોપડા સુધી પહોંચી છે. જેમાં દૂધની ડેરી પાસે રહેતાં બાંધકામના ધંધાર્થી યુવાને રામનાથપરામાં રહેતાં તેના જ પરિચીત પાસેથી વ્યાજે લીધેલા પંદર લાખ સામે છત્રીસ લાખ ચુકવી દીધા છતાં તેની પાસે વધુ આઠ લાખ માંગી સતત મારી નાખવાની ધકમી આપવામાં આવતી હોવાનો આરોપ મુકાયો છે.

વિગતો પર નજર કરીએ તો વ્દૂધની ડેરી પાસે રહેતાં બાંધકામના ધંધાર્થી યુવાને ત્રણ વર્ષ પહેલા રામનાથપરામાં રહેતાં તેના પરિચીત શખ્સ પાસેથી ધંધાના કામે ૧૦ ટકા વ્યાજેથી ૧૫ લાખ લઇ અત્યાર સુધીમાં ૩૬ લાખ ચુકવી દીધા છે છતાં આ શખ્સે વધુ ૮ લાખ માંગી ઘર પાસે આવી ધાકધમકી આપી તેમજ આગેવાનોએ વચ્ચે રહી સમજાવટ કરી છતાં તેણે ૮ લાખ તો આપવા જ પડશે નહિતર હું મારી નાંખીશ તેવી ધમકી ફરીવાર આપતાં ફરિયાદ દાખલ કરાવવામાં આવી છે. આ બનાવમાં થોરાળા પોલીસે દૂધ સાગર રોડ પર લાખાજીરાજ શ્રમજીવી સોસાયટી અનમોલ પાન પાસે રેડીયન્સ એવન્યુમાં બીજા માળે રહેતાં અને બાંધકામનો ધંધો કરતાં બેતાલીસ વર્ષના આબીદભાઇ ગુલામહુશેનભાઇ ચાવડાની ફરિયાદ પરથી રામનાથપરામાં રહેતાં જાહીદ ઇકબાલભાઇ કાદરી વિરૂધ્ધ મનીલેન્ડ એક્ટ, વ્યાજખોરી અંગે એફઆઇઆર



દાખલ કરી તપાસ શરૂ કરી છે.

ભોગ બનેલા આબીદભાઇએ જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું. ૧૦/૧૧/૨૪ના રોજ રાતે દસેક વાગ્યે હું ઘરની બહાર ઓટા પર બેઠો હતો ત્યારે મારો પરિચીત જાહીદ કાદરી સફેદ રંગની કાર લઇને આવ્યો હતો. મેં ત્રણેક વર્ષ પહેલા મારે બાંધકામના ધંધા માટે રૂપિયાની જરૂર હોઇ જેથી જાહીદ પાસેથી રૂા. ૧૫ લાખ ૧૦ ટકા વ્યાજેથી લીધા હતાં. આ રકમનું વ્યાજ હું દર મહિને એકથી પાંચ તારીખ સુધીમાં જમા કરાવતો હતો. આ રકમ મેં નિયમીત રીતે રોકડેથી ચુકવી હતી.

તેમણે આગળ કહ્યું હતું કે કોઇવાર હું કામ માટે બહાર હોય અને સમય ન હોય તો મારા મિત્રો યુસુફ શાહમદાર, રણજીત સરવૈયા, અલ્તાફ રાઉમા મારફત જાહીદને રૂપિયા મોકલાવી દેતો હતો.

મેં બે વર્ષ સુધી જાહીદ કાદરીને પંદર લાખ સામે કુલ ૩૬ લાખ વ્યાજ પેટે તથા મુળી પેટે ચુકવી દીધા હતાં. જો કે છેલ્લા ત્રણેક માસથી મારે ધંધો બરાબર ચાલતો ન હોઇ મેં તેને વ્યાજ ચુકવ્યું હતું. જાહીદે મારા ઘર પાસે આવી મને ગાળો દઇ વ્યાજની ઉઘરાણી કરતાં મેં તેને કહેલુ કે તમને ૩૬ લાખ તો આપી દીધા છે હવે કેટલુક વ્યાજ મારે આપવાનું છે? તેમ કહેતાં તે ઉશ્કેરાઇ ગયો હતો અને વધુ ગાળો દઇ કહેલું કે-હજુ તારે ૮ લાખ આપવા પડશે નહિતર તને જીવતો નહિ મુકુ, મારી નાખીશ.

આ રીતે મને ધમકી દઇ ઝઘડો કરવા માંડતા મારા મિત્ર રણજીત સરવૈયાએ વચ્ચે પડી જાહીદને સમજાવેલ કે આ રીતે ગાળો બોલી ઝઘડો ન કરાય આસપાસમાં મહિલાઓ, બાળકો પણ હોય છે.

આ સાંભળી જાહીદે રણજીત ઉપર પણ ઉશ્કેરાઇ જઇ તેને પણ ગાળો ભાંડતા માણસો ભેગા થઇ જતાં જાહીદ ભાગી ગયો હતો. એ પછી મેં સમાજના આગેવાનો દ્વારા જાહીદ સાથે વાતચીત કરી હતી. પણ જાહીદે ૮ લાખ નહિ આપે તો હું એને મારી જ નાંખીશ તેવી ધમી આપી હતી. ધમકીને કારણે ડરી જતાં મેં ફરિયાદ નોંધાવી હતી.

તેમ વધુમાં આબીદભાઇએ કહેતાં થોરાળા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર જી. એન. વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એ. પી. રતને ગુનો નોંધી આરોપીને શોધી કાઢવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

---

### રોજગાર કચેરી અને જે. જે. કુંડલીયા કોમર્સ કોલેજ દ્વારા બાલભવન ખાતે મેગા જોબફેર

# વિવિધ ક્ષેત્રોમાં રોજગારી માટે રસ દાખવતા ૪૦૦૦થી વધુ ઉમેદવારો

### ~~મેગા જોબફેરમાં અલગ અલગ ૫૮ કંપનીઓ એક જ જગ્યા પર એકઠી થઈ~~

રાજકોટ તા. ૨૭

રાજકોટના બાલભવન ખાતે જિલ્લા રોજગાર કચેરી અને શ્રીમતી જે. જે. કુંડલિયા કોમર્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે મેગા જોબફેરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો શુભારંભ મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. ઉમેદવારોને અલગ અલગ જગ્યાએ ઇન્ટરવ્યૂ માટે જવું ના પડે અને સમયનો બચાવ થાય તેવા આશયથી એક જ જગ્યાએ આયોજિત મેગા જોબફેરમાં અલગ અલગ ૫૮ કંપનીઓ એક જ જગ્યા પર એકઠી થઈ હતી. આ જોબફેરમાં સામેલ થઈને રોજગાર મેળવવા માટે રોજગાર વિભાગ દ્વારા ૬ હજારથી વધુ નોંધાયેલા ઉમેદવારોને આમંત્રિત કર્યા હતા. તમામ ઉમેદવારોને આવવા-જવા માટે એસ.ટી.ના કૂપન પણ આપવામાં આવ્યા હતા. જોબફેરમાં ધોરણ ૧૦ પાસ થી લઈને માસ્ટર ડિગ્રી સુધીની લાયકાત ધરાવતા તમામ ઉમેદવારો માટે રોજગારીની તક ઊભી કરવામાં આવી હતી. જોબફેરમાં ઇમિટેશન જવેલરી, ડેરી ટેકનોલોજિ, પેટીએમ, ટાટા ઓટોકોમ્પ, સુઝુકી મોટર્સ, વીમા કંપનીઓ વધુ જોવા મળી હતી.

જે. જે. કુંડલિયા કોમર્સ કોલેજના સ્થાપક લાભુભાઈ ત્રિવેદીના જન્મ શતાબ્દીના અવસર પર રકતદાન કેમ્પ અને મેગાજોબ ફેરનું આયોજન કરવામાં



આવ્યું હતું. જે. જે. કુંડલિયા કોમર્સ કોલેજના ટ્રસ્ટી અલ્પનાબેન ત્રિવેદીએ પ્રાસંગિક ઉદબોધન કરતાં જણાવ્યું હતુ કે, જે. જે. કુંડલિયા કોમર્સ કોલેજ દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી જોબફેરનું આયોજન કરવામાં આવે છે.

આજની તક તમામ વિદ્યાર્થીઓએ પોતાના માતા-પિતાનું ઋણ ચૂકવવાનો અવસર છે. કોઈપણ જોબ નાની નથી હોતી પોતાની સાર્થકતા સાબિત કરવાનો અનેરો અવસર છે. યુનિવર્સિટીના વિવિધ કોર્ષમાં, રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, યૂથ ફેસ્ટિવલ સહિતની વિવિધ સ્પર્ધામાં ઉતિર્ણ થયેલ કોલેજના વિદ્યાર્થીઓને પ્રમાણ પત્ર, શિલ્ડ અને ચેક ઈનામરૂપે આપવામાં આવ્યા હતા. આ તકે રોજગાર કચેરીના મદદનીશ નિયામક ચેતનભાઈ દવે, કચેરીના કાઉન્સિલર રાજેશભાઈ ચૌહાણ, તન્વી ત્રિવેદી, જે. જે. કુંડલિયા કોમર્સ કોલેજના ટ્રસ્ટી ધીરુભાઈ ધાબલિયા, પ્રિન્સિપાલ પ્રીતિ ગણાત્રા, મીનાબેન કુંડલીયા મહિલા કોલેજના પ્રિન્સિપાલ નીલુબેન મુલચંદાણી, કુંડલીયા આર્ટસ અને કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ યજ્ઞેશભાઇ જોશી સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા.

---



# રાજકોટ કલેકટરે અપીલ બોર્ડ યોજયુ : ૩૫ કેસ પર સુનાવણી

### તમામ કેસમાં હાલ ચુકાદો અનામત

રાજકોટ, તા. ૨૭

રાજકોટ જિલ્લા કલેકટર દ્વારા ગઈકાલે અપીલ કેસોનું ખાસ બોર્ડ યોજવામાં આવ્યું હતું જેમાં કલેક્ટર પ્રભાવ જોષી એ ૩૫ કેસોની સુનાવણી હાથ ધરી હતી. મળતી માહિતી મુજબ પુરવઠાના ચાર કેસોની સુનાવણી કરવામાં આવી હતી એટલું જ નહીં છેલ્લા કેટલાય સમયથી કલેકટર કચેરીમાં અપીલ કેસનું બોર્ડ ગુરુવારે યોજવામાં આવતું હોય છે ત્યારે કલેકટર કચેરી ખાતે જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ અને મુખ્યમંત્રીના કાર્યક્રમ સંદર્ભે બેઠકો યોજવામાં આવી હોવાથી અપીલ કેસોનું બોર્ડ ગઈકાલે સવારના યોજવામાં આવ્યું હતું.

હાલ જે કહેશોને બોર્ડ પર લેવામાં આવ્યા અને જે કેસની સુનવણી હાથ ધરવામાં આવી તે તમામ કેસોના ચુકાદા હાલ પેન્ડિંગ રાખવામાં આવ્યા છે.

---

### આ રાજકોટ છે અહિ સૌ પોતપોતાની રીતે મોજમાં રહે છે, કેટલાક મોજ લેવા જતાં પહોંચે છે લોકઅપમાં

# મીલ બેઠેંગે પાંચ યારઃ સોની બજારમાં અગાસીએ દારૂ ઢીંચવા બેઠેલા પાંચ પકડાયા

### આંગડીયા પેઢીના કર્મચારીઓ અને ઇમિટેશનનો ધંધાર્થી માંડ પીને મોજમાં આવ્યા હતાં ત્યાં પોલીસે ત્રાટકી નશો ઉતારી નાંખ્યો

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૭**

રાજકોટઃ મોજશોખ કરવા માટે અને ઉત્સવોને મનભરીને ઉજવવા માટે જાણીતુ રંગીલુ શહેર રાજકોટ અનેક રીતે દેશ વિદેશમાં જાણીતું છે. અહિનો માનવી પોતાની રીતે મોજ કરવા માટે જાણીતો છે. જો કે ઘણીવાર તેમની આ મોજ તેમને પોલીસ સ્ટેશનના લોકઅપ સુધીની સફર પણ કરાવી દેતી હોય છે. વધુ એક વખત પોલીસે દારૂની મહેફીલના રંગમાં ભંગ પાડી દીધો હતો. શહેરના સોની બજાર દરબાગઢ ચોક પાસે એક એપાર્ટમેન્ટની અગાસીએ દારૂની મહેફીલ જામી હોવાની માહિતી પરથી એ-ડિવીઝન પોલીસે દરોડો પાડી આંગડીયા પેઢીના ચાર સંચાલક, ધંધાર્થી, ઇમિટેશનના ધંધાર્થી સહિત પાંચને પકડી લઇ દારૂ પણ કબ્જે કર્યો હતો. આ પાંચેય ક્યાંકથી બાટલીનો મેડ કરીને નિરાંતે ઢીંચવા બેસી ગયા હતાં અને માંડ મોજમાં આવ્યા હતાં ત્યાં જ પોલીસ ત્રાટકતાં નશની મોજ ઠરીને ઠીકરૂ થઇ ગઇ હતી.

મહેફીલમાં દરોડાની વિગતો પર નજર કરીએ તો શહેરની એ-ડિવીઝન પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડકોન્સ. કલ્પેશભાઇ બોરીચા અને ધારાભાઇ વાનરીયાને બાતમી મળી હતી કે સોની બજાર દરબાર ગઢ ચોકમાં આવેલા રાધાસખી એપાર્ટમેન્ટના પાંચમા માળે અગાસી પર કેટલાક શખ્સો દારૂની મહેફીલ માણી રહ્યા છે. તેના આધારે દરોડો પાડવામાં આવતાં પાંચ શખ્સો દારૂ પીતા મળી આવ્યા હતાં. ઓચીંતી છેક પાંચમા માળની અગાસીએ પોલીસ આવી પુગી ત્યાં સુધી આ પાંચેયને ખબર પડી નહોતી. આખી બોટલમાંથી થોડો અમથો દારૂ વધ્યો હતો. હજુ આ દારૂના લવપેગ બનાવી બનાવીને પીવે એ પહેલા પોલીસે તેમની મજાની પથારી ફેરવી નાંખી હતી.

દારૂ ઢીંચતા પકડાઇ ગયેલા આ પાંચેયની પોલીસે પુછપરછ કરતાં પોતાના નામ હર્ષદ હરિભાઇ છાંટબાર (ઉ.વ.૪૯-ધંધો ઇમિટેશનનો, રહે. રાજલક્ષ્મી પેલેસ પહેલો માળ-૧૦૪, કડવા ભાનુ રોડ રણછોડનગર), કૌશિષ જયંતિભાઇ પટેલ (ઉ.વ.૪૨-ધંધો આંગડીયા પેઢી, રહે. રાધામીરા સોસાયટી-૨ મકાન નં. ૯, જુનો મોરબી રોડ), હરસુખ રામાભાઇ દેસાઇ (ઉ.વ.૩૯-ધંધો આંગડીયાનો, રહે. આસ્થા વેન્ટીલા શેરી નં. ૩ મોરબી રોડ સેટેલાઇટ ચોક), પ્રવિણ પરષોત્તમભાઇ પટેલ (ઉ.વ.૫૪-ધંધો આંગડીયા પેઢી, રહે. રાધાસખી એપાર્ટમેન્ટ ફ્લેટ નં. ૫૦૩, દરબાર ગઢી, મુળ એચ-૨૦૪ શ્રીધર પલ્સ એપાર્ટમેન્ટ વસ્ત્રાલ અમદાવાદ) તથા નરેન્દ્ર બાબુલાલ પટેલ (ઉ.વ.૩૫-ધંધો આંગડીયા પેઢી, રહે. રણછોડનગર-૧ રાજલક્ષ્મી પેલેસ બીજો માળ) જણાવ્યા હતાં. આ પાંચમાં ચાર આંગડીયા પેઢીના કર્મચારી છે અને એક ઇમિટેશનનુ. કામ કરે છે. એક કર્મચારીની પત્નિ બહારના રાજ્યની હોઇ તેની ટ્રાવેલ ટિકીટને આધારે પરમીટ કઢાવી બોટલ પીવા માટે લાવ્યા હતાં.

પોલીસે જ્યાં દારૂની મહેફીલ જામી હતી એ અગાસીમાંથી બ્લેન્ડર્સ પ્રાઇડ વ્હીસ્કીની બોટલ, પ્લાસ્ટીકના પાંચ ગ્લાસ, ડીસ્પોઝેબલ ડીસ, સીંગ, વેફર વગેરે મળ્યા હતાં. બોટલમાં આશરે ૩૦૦



### રેલનગરમાં મહિલાએ ઘરમાં ચાલુ કર્યુ હતું જૂગારધામ પ્ર.નગર પોલીસે પાંચને પકડ્યાઃ દંપતિ સાથે રમવા બેઠુ હતું!

મી.લી. જેટલો દારૂ વધ્યો હોઇ તે કબ્જે લેવાયો હતો. એ-ડિવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેટકર આર. જી. બારોટના માર્ગદર્શનમાં પીએસઆઇ કે. એમ. વડનગરા, કલ્પેશભાઇ બોરીચા, ધારાભાઇ વાનરીયા, કોન્સ. સંજયભાઇ ચૌહાણ, યોગેશભાઇ મકવાણા સહિતનાએ આ દરોડો પાડ્યો હતો.

થોડા સમય પહેલા બી-ડિવીઝન પોલીસે સામા કાંઠે આ રીતે ઇમિટેશનના કારખાનામાં દારૂની મહેફીલમાં ત્રાટકી રંગમાં ભંગ પાડ્યો હતો. એકત્રીસમી ડિસેમ્બર આવી રહી હોઇ પોલીસ રોજબરોજ શહેરભરમાં કડક ચેકીંગ કરે છે. આ વાત જાણતા હોવા છતાં અમુક શોખીનો મહેફીલોમાં બેસતા કે છાંટોપાણી લેતાં પોતાને અટકાવી શકતાં નથી અને પોલીસની ઝપટમાં આવી જાય છે.

બીજી તરફ જૂગારના દરોડામાં મહિલા સહિત પાંચ પકડાઇ ગયા હતાં. શહેરના રેલનગરમાં વેદમાતા રાધે પાર્ક શેરી નં. ૨માં જાડેજા ચોક પાસે રહેતાં મહિલા ઘરમાં જૂગાર રમાડતાં હોવાની માહિતી પરથી પ્ર.નગર પોલીસે દરોડો પાડી ઘરધણી સહિત ત્રણ મહિલા અને બે પુરૂષને જુગાર રમતાં પકડી લીધા હતાં. ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે માહિતી મળતાં રેલનગર માતા રાધે પાર્ક શેરી નં. ૨માં રહેતાં વનિતાબેન જયેશભાઇ જીવનાનીના ઘરમાં જૂગાર રમાતો હોવાની માહિતી મળતાં દરોડો પાડી વનીતાબેન તેમજ સ્ટર્લિંગ હોસ્પિટલ પાછળ ધરમનગર ક્વાર્ટર નં. ૫૩૦માં રહેતાં કશીશબેન હરેશભાઇ નાગરેચા, તેના પતિ હરેશ ધીરૂભાઇ નાગરેચા, શિતલ પાર્ક-૬માં રહેતાં સોનલબેન શૈલેષભાઇ ભાલેરા તથા નિલકંઠ પાર્ક-૪ કોઠારીયા રોડના આકાશ ભાસ્કરભાઇ ધોરડાને ગંજીપાનાનો જૂગાર રમતાં પકડી લઇ રૂા. ૧૫૧૦૦ની રોકડ કબ્જે લીધી હતી. પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનના ઇન્સ્પેકટર વી. આર. વસાવાના માર્ગદર્શન હેઠળ પેટ્રોલીંગ દરમિયાન પીએસઆઇ પી. એ. બેલીમ અને ટીમના તૌફિકભાઇ મંધરા, ચાંપરાજભાઇ ખવડ, સાધનાબેન ડાંગર સહિતનાએ આ દરોડો પાડ્યો હતો. આમ એક સ્થળે દારૂની મહેફીલમાં પોલીસે મજા બગાડી હતી તો બીજા સ્થળે મકાનમાં જૂગારની રંગત જામી હતી ત્યાં પોલીસે પહોંચી પાંચને પકડ્યા હતાં.

માતેલા સાંઢની જેમ દોડતાં વાહનો રોજબરોજ શહેરમાં સર્જતા રહે છે અકસ્માતઃ કેટલાકના હાડકા ભાંગે છે, કેટલાકના જાય છે જીવ

# સ્કૂલ બસ થાંભલામાં અથડાતાં ભુલકાઓની ચીચીયારી

## કણકોટના પાટીએ બનાવ બન્યોઃ એક્ટીવા ઠોકરે ચડ્યું પછી વિજ થાંભલો બટકીની ડ્રાઈવર સીટવાળા કાચમાં ઘુસી ગયોઃ સદ્દનસિબે બધાનો બચાવ થયો

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા.૨૭**

રાજકોટઃ રાજકોટ શહેરમાં વસ્તી વધી તેની સાથે સાથે વાહનો પણ ખુબ વધ્યા છે. નાના મોટા વાહનચાલકોને રોજબરોજ અકસ્માત નડતાં રહે છે અને કેટલાય લોકો ઘાયલ થતાં રહે છે. અમુક વખત આવા બનાવોમાં લોકોના મોત પણ થાય છે. દરમિયાન હવે એક સ્કૂલ બસનો ચાલક બેકાબૂ બની જતાં છાત્રો સાથેની આ બસ વિજળીના થાંભલામાં ભટકાઇ જતાં આગળના ભાગેથી બૂકડો બોલી ગયો હતો. આ અકસ્માતમાં થાંભલો ડ્રાઇવર સાઇડનો કાચ તોડી બસની અંદર ઘુસી ગયો હતો. સદ્દનસિબે ડ્રાઇવરનો બચાવ થયો હતો અને બીજા છાત્રો, શિક્ષકોનો પણ ચમત્કારીક બચાવ થયો હતો. પણ અકસ્માત એટલો ભયાનક હતો કે અંદર બેઠેલા તમામ ફફડી ગયા હતાં.

વિગતો પર નજર કરીએ તો કાલાવડ રોડ પર કણકોટ ગામના પાટીયા પાસે સવારના પ્હોરમાં વિદ્યાર્થીઓ સાથેની સ્કૂલ બસ વિજ થાંભલા સાથે ધડાકાભેર અથડાતાં છાત્રો, શિક્ષકોમાં દેકારો મચી ગયો હતો અને બધા ભયભીત થઇ ગયા હતાં. ઇનોવેટીવ સ્કૂલની આ બસના ચાલકે કોઇપણ કારણોસર કાબૂ ગુમાવતાં એક એક્ટીવાને ઉલાળીને વિજથાંભલામાં અથડાઇ પડતાં થાંભલો બટકીની ડ્રાઇવર કેબીનમાં આવી ગયો હતો. બસના આગળના ભાગનો બૂકડો બોલી ગયો હતો. એક્ટીવા પાર્ક કરેલુ હતું તેની નજીકમાં જ બેઠેલા મહિલા સમયસર દૂર હટી જતાં બચી ગયા હતાં. બસમાં બેઠેલા છાત્રોમાંથી બે કે ત્રણને સામાન્ય ઇજા થઇ હતી. બનાવને પગલે મોટી સંખ્યામાં લોકો એકઠા થઇ ગયા હતાં અને પોલીસ પણ પહોંચી ગઇ હતી. વધુ માહિતી અનુસાર કણકોટ ગામના પાટિયા પાસે વિદ્યાર્થીઓને લઇને જઇ રહેલી ઇનોવેટિવ ઇન્ટરનેશનલ સ્કૂલની બસના ચાલકે કણકોટ ગામના પાટીયા પાસે કાબૂ ગુમાવી દેતાં આ બેકાબૂ બસ રોડની સાઈડમાં ઉતરી ગઈ હતી અને પાર્ક કરેલા એક્ટિવાને ઠોકરે લઇ વિજ થાંભલા સાથે ધડાકાભેર અથડાતા થાંભલો ભાંગી પડ્યો હતો.



આ અકસ્માતને કારણે બસના આગળના ભાગમા કાચ તોડીને બટકેલો થાંભલો ઘુસી ગયો હતો. અકસ્માત સર્જાતા લોકો દોડી આવ્યા હતાં. લોકોએ બસમાંથી ગભરાયેલા વિદ્યાર્થીઓ અને શિક્ષકને બહાર કાઢી સારવાર માટે ૧૦૮ બોલાવી હતી. જો કે બસમાં રહેલા પૈકી કોઇને ખાસ ઇજા થઇ નહોતી. બે ત્રણ બાળકોને સામાન્ય ઇજા પહોંચી હોઇ સારવાર અપાઇ હોવાનું જણાવાયું હતું. વધુ માહિતી મુજબ બસની ઠોકરે જે એક્ટીવા ચડ્યું તેની બાજુમાં જ એક મહિલા ફુલ વેંચવા બેઠા હતાં. સદ્દનસિબે તે બસને આવતી જોઇ ઉભા થઇ દુર ખસી જતાં બચી ગયા હતાં. બનાનવી જાણ થતાં તાલુકા પોલીસે પહોંચી કાર્યવાહી કરી હતી. સદ્દનસિબે આ અકસ્માતમાં કોઇ જાનહાની થઇ નથી. ઘાયલો પૈકી કોઇને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા નથી. સ્કૂલ બસ અને સીટી બસ દ્વારા અવાર-નવાર આ રીતે અકસ્માત સર્જાતા રહે છે. ઘણીવાર તો ઠોકરે ચડનારાઓના મોત પણ થયા છે. બેફામ બનીને વાહનો હંકારનારા પોતાના અને બીજાના જીવને પણ જોખમમાં મુકી દેતાં હોય છે. આ પ્રકારની ઘટનાઓ રોજીંદી બની છે. પોલીસ ટ્રાફિક નિયમો, ગતિ નિયમનના નામે દંડની કાર્યવાહી કરતી રહે છે. પરંતુ ખરા અર્થમાં વાહનચાલકો આ બધુ ગંભીરતાથી લેતાં નથી આ કારણે અકસ્માતો સર્જાતા રહેતાં હોવાનું લોકોમાં ચર્ચાય છે.

# ગોંડલ ST ડેપોમાં મેડિકલ યોજાયો કેમ્પ



રાજકોટ મિરર, ગોંડલ તા.૨૭

ગોંડલ એસટી ડેપો ખાતે વહીવટી તંત્ર દ્વારા મેડિકલ કેમ્પનું આયોજન રાજકોટની પ્લેકસેસ હોસ્પિટલના સહયોગ કરવામાં આવ્યું હતું. આ કેમ્પમા એસટીના ડ્રાઈવર, કંડકટર, મિકેનીક સ્ટાફ સહિતના કર્મચારીઓએ આ મેડિકલ કેમ્પનો લાભ મેળવ્યો હતો. કેમ્પમાં ડાયાબિટીસ, બીપી, આંખની તપાસ ઓપીડી સહિતની બીમારીઓનું ચેકઅપ કરવામાં આવ્યું હતું.

આ તકે એસટીના જુનિયર આસિસ્ટન્ટ શૈલેષભાઈ ગોવાણી, એટીઆઈ સુનિલભાઈ દવેરા, શહેર યુવા ભાજપ ઉપપ્રમુખ કુલદીપસિંહ જાડેજા (કાલમેઘડા), એસટી કર્મચારી મંડળના અગ્રણી રાજેશભાઈ સોલંકી, મહાજન યુનિયનના હિતેન્દ્રસિંહ જાડેજા સહિત સ્ટાફ હાજર રહ્યા હતા.

# રાધેપાર્કમાં જુગાર દરોડો : પાંચ ઝડપાયા

## ત્રણ મહિલા સહીત પાંચને રોકડ ૧૫૧૦૦ સાથે પકડ્યા

રાજકોટ મિરર, તા.૨૭

વનીતાબેન જીવનાનીના ઘરમાં જૂગાર રમાતો હતોઃ તેની સાથે એક દંપતિ, એક મહિલા અને એક યુવાનની ધરપકડઃ ૧૫૧૦૦ની રોકડ કબ્જે

રાજકોટ તા. ૨૭ઃ શહેરના રેલનગરમાં વેદમાતા રાધે પાર્ક શેરી નં. ૨માં જાડેજા ચોક પાસે રહેતાં મહિલા ઘરમાં જૂગાર રમાડતાં હોવાની માહિતી પરથી પ્ર.નગર પોલીસે દરોડો પાડી ઘરધણી સહિત ત્રણ મહિલા અને બે પુરૂષને જુગાર રમતાં પકડી લીધા હતાં.

ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે માહિતી મળતાં રેલનગર માતા રાધે પાર્ક શેરી નં. ૨માં રહેતાં વનિતાબેન જયેશભાઇ જીવનાનીના ઘરમાં જૂગાર રમાતો હોવાની માહિતી મળતાં દરોડો પાડી વનીતાબેન તેમજ સ્ટર્લિંગ હોસ્પિટલ પાછળ ધરમનગર ક્વાર્ટર નં. ૫૩૦માં રહેતાં કશીશબેન હરેશભાઇ નાગરેચા, તેના પતિ હરેશ ધીરૂભાઇ નાગરેચા, શિતલ પાર્ક-૬માં રહેતાં સોનલબેન શૈલેષભાઇ ભાલેરા તથા નિલકંઠ પાર્ક-૪ કોઠારીયા રોડના આકાશ ભાસ્કરભાઇ ધોરડાને ગંજીપાનાનો જૂગાર રમતાં પકડી લઇ રૂા. ૧૫૧૦૦ની રોકડ કબ્જે લીધી હતી. પીઆઇ વી. આર. વસાવાની રાહબરીમાં પીએસઆઇ પી. એ. બેલીમ અને ટીમના તૌફિકભાઇ મંધરા, ચાંપરાજભાઇ ખવડ, સાધનાબેન ડાંગર સહિતનાએ આ દરોડો પાડયો હતો

# ભીલવાસમાં મટનની દુકાનમાંથી નશાકારક સીરપની ૧૦૫ બોટલો ઝડપાઈ

## બંધાણી હુસેન કટારીયા, તેમનો માણસ રફીક ચૌહાણ અને મેડિકલ સ્ટોર સંચાલક જયમીન ઠુંમર સામે ગુનો નોંધાવતી DCB પોલીસ

રાજકોટ મિરર તા ૨૭

શહેરના ભીલવાસ સોસાયટી, શેરી નંબર ૪ માં એક મટનની દુકાનમાંથી ડીસીબી પોલીસે બાતમીના આધારે નશાકારક સીરપની રૂપિયા ૧૦૫૦૦ની ૧૦૫ બોટલ કબજે કરી સીરપના વ્યસનની તેમજ તેમનો માણસ અને સીરપની બોટલ વેચતા મેડિકલ સ્ટોર સંચાલક સામે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરના ભીલવાસ સોસાયટી, શેરી નંબર ૪, હાજામીન હજલે રબી મકાન હુશેની ચોકમાં, ફૂલછાબ ચોક પાસે રહેતા હુસેન અહમદ કટારીયાની મટનની દુકાનમાં નશાકારક સીરપની બોટલનો જથ્થો પડયો હોવાની ડીસીબી પોલીસને બાતમી મળતા



ડીસીપી પોલીસે દરોડો પાડતા ત્યાંથી રૂ.૧૦,૫૦૦ સીરપની ૧૦૫ બોટલ હાથ લાગી હતી

આ તકે દુકાનદાર હુસેને પોતે સીરપનો વ્યસની થઈ ગયો હોય અને સીરપ વગર ચાલતું ન હોવાથી એક સાથે મોટો જથ્થો ખરીદીને પોતાની દુકાનમાં રાખતો હતો. તેમ જ ધીમેધીમે સીરપની બોટલોનું વેચાણ પણ કરતો હતો. આવા વેચાણ પાછળ તેમનો માણસ રફીક ઉર્ફે જહોન ગની ચૌહાણ મદદ કરતો હોવાની કબુલાત આપી હતી.

પોલીસે આકરી ભાષામાં પૂછપરછ કરતા હુસેન નશાકારક સીરપની બોટલ આલોક રેસીડેન્સી, બ્લોક નંબર ૪૨, જૈમીન મકાન, કોઠારીયા ગામે વિભૂતિ પાર્ક સામે રહેતા અને મેડિકલ સ્ટોર ચલાવતા જૈમીન સુધીરભાઈ ઠુંમર પાસેથી લાવતો હોવાની કબુલાત આપતા પોલીસે આ પ્રકરણમાં કુલ ત્રણ શખ્સો સામે ગુનો નોંધ્યો છે. જેમાં મટન સેન્ટરનો દુકાન માલિક હુસૈન અહેમદ કટારીયા, તેમનો માણસ રફીક ઉર્ફે જહોન ગની ચૌહાણ તેમજ મેડીકલ સ્ટોરવાળા જૈમીન સુધીર ઠુંમરનો સમાવેશ થાય છે.

# રાજકોટ શહેર ઝોન કક્ષાની કલા મહાકુંભની સ્પર્ધાઓ મોકૂફ

રાજકોટ મિરર, તા.૨૭

પૂર્વ વડાપ્રધાન ડો. મનમોહનસિંહના નિધનના પગલે દેશમાં સાત દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કરવામાં આવ્યો છે. રાજકોટ શહેર ઝોનકક્ષાની કલા મહાકુંભ-૨૦૨૪ અંતર્ગત યોજાનારી તમામ સ્પર્ધાઓ - કાર્યક્રમ હાલ મોકુફ રાખવામાં આવી છે.

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તેમજ કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ,ગાંધીનગર આયોજીત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, રાજકોટ દ્વારા સંચાલિત કલા મહાકુંભઃ ૨૦૨૪-૨૫ ઝોનકક્ષાની સ્પર્ધા માટે નવા કાર્યક્રમની તારીખ આગામી સમયમાં નક્કી થયા પછી જાહેર કરાશે, તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારી હિતેશ દિહોરાની યાદીમાં જણાવાયું છે.

# લોધીકાના છાપરા ગામ નજીક આયસરે પાછળથી બાઈકને ઉલાળતા ચાલકનું મોત

**મૃતક કુતિયાણા તાલુકાના ગઢવાણા ગામનો રહીશ**

રાજકોટ મિરર, ખીરસરા તા.૨૭

લોધિકા તાલુકાના છાપરા ગામે આજે સાંજે એક આયસર ચાલકે આગળ જતા બાઈક ચાલકને હડફેટે લઇ મોત નિપજાવ્યાનો, ગુન્હો મેટોડા જીઆઈડીસી પોલીસમાં નોંધાયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ કુતિયાણા તાલુકાના ગઢવાણા ગામનો યુવાન પ્રકાશભાઈ મંગાભાઈ સોલંકી નામનો ૨૯ વર્ષનો યુવાન જામનગરથી મેટોડા તરફ આવતા હતો ત્યારે તેમના જીજે ૧૦ ૫૯૮૮ નંબરના બાઈકને પાછળ પુરપાટ ઝડપે આવતા જીજે ૧૦ ટીવાય નંબરના આયસર ચાલકે બાઈકને ઉલાળ્તા પ્રકાશભાઈ ફંગોળાઈને રોડ પર પટકાતા તેમનું ઘટના સ્થળે જ મોત થયું હતું.બનાવની જાણ પરથી મેટોડા જીઆઈડીસી પોલીસે ઘટના સ્થળે દોડી જઈને થયેલા ટ્રાફિકને પૂર્વવત કરાવી મૃતકની લાશને પીએમ માટે હોસ્પીટલમાં ખસેડ્યો હતો.

# સરધાર ગામ નજીકથી બીયરના ૨૪ ટીન સાથે મહિલા પકડાઈ

રાજકોટ મિરર, તા.૨૭

આજી ડેમ પોલીસ મથકના પીઆઇ એ.બી. જાડેજાની રાહબરીમાં પીએસઆઇ એસ.વી.ગોહિલ ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે સાથેના કોન્સ્ટેબલ કૃષ્ણવીર ગોહિલે સરધાર ગામ તરફથી એક મહિલા બાઇકમાં બીયરનો જથ્થો ભરી નીકળેલ હોવાની માહિતી મળતા નવાગામ તરફ જતા રોડ પર રામદેવપીરના મંદિર પહેલા તે જયુપીટર ચાલક મહિલાને આજી ડેમ પોલીસે પકડી પાડી તેનું નામ પૂછતા ખુશ્બુબા નિલેશ મકવાણા (રહે. સરધાર, સ્વામીનારાયણ મંદિર પાસે હોવાનું જણાવ્યું હતું. તેમની પાસેથી પોલીસે બીયરના ૨૪ ટીન કબ્જે કર્યા હતા. ગુલાબબા પ્રદીપસિંહ ચુડાસમા (રહે. શીતળાધાર, કોઠારીયા સોલવન્ટ અને રહીમ નામના શખ્સને સપ્લાય કરવા જતી હોવાની કબુલાત આપતા એક મહિલા સહીત અન્યોની પોલીસે તપાસ આદરી છે.

# રોજગાર કચેરી-જે. જે. કુંડલીયા કોમર્સ કોલેજ દ્વારા બાલભવન ખાતે મેગા જોબફેર યોજાયો

## ઈમિટેશન જવેલરી, ડેરી ટેકનોલોજી, પેટીએમ, ટાટા ઓટોકોમ્પ, સુઝુકી મોટર્સ, વીમા કંપનીઓ વગેરે ક્ષેત્રોમાં રોજગારી માટે રસ દાખવતા ૪૦૦૦થી વધુ ઉમેદવારો

રાજકોટ મિરર, તા.૨૭

રાજકોટના બાલભવન ખાતે જિલ્લા રોજગાર કચેરી અને જે. જે. કુંડલિયા કોમર્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે મેગા જોબફેરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો શુભારંભ મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો.

ઉમેદવારોને અલગ અલગ જગ્યાએ ઈન્ટરવ્યૂ માટે જવું ના પડે અને સમયનો બચાવ થાય તેવા આશયથી એક જ જગ્યાએ આયોજિત મેગા જોબફેરમાં અલગ અલગ ૫૮ કંપનીઓ એક જ જગ્યા પર એકઠી થઈ હતી. આ જોબફેરમાં સામેલ થઈને રોજગાર મેળવવા માટે રોજગાર વિભાગ દ્વારા ૬ હજારથી વધુ નોંધાયેલા ઉમેદવારોને આમંત્રિત કર્યા હતા. તમામ ઉમેદવારોને આવવા-જવા માટે એસ. ટી.ના કૂપન પણ આપવામાં આવ્યા હતા. જોબફેરમાં ધોરણ ૧૦ પાસ થી લઈને માસ્ટર ડિગ્રી સુધીની



લાયકાત ધરાવતા તમામ ઉમેદવારો માટે રોજગારીની તક ઊભી કરવામાં આવી હતી. આજના જોબફેરમાં ઈમિટેશન જવેલરી, ડેરી ટેકનોલોજિ, પેટીએમ, ટાટા ઓટોકોમ્પ, સુઝુકી મોટર્સ, વીમા કંપનીઓ વધુ જોવા મળી હતી.

જે. જે. કુંડલિયા કોમર્સ કોલેજના સ્થાપક લાભુભાઈ ત્રિવેદીના જન્મ શતાબ્દીના અવસર પર રકતદાન કેમ્પ અને મેગાજોબ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના ટ્રસ્ટી અલ્પનાબેન ત્રિવેદીએ પ્રાસંગિક ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે, કોલેજ દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી જોબફેરનું આયોજન કરવામાં આવે છે. આજની તક તમામ વિદ્યાર્થીઓએ પોતાના માતા-પિતાનું ઋણ ચૂકવવાનો અવસર છે. કોઈપણ જોબ નાની નથી હોતી પોતાની સાર્થકતા સાબિત કરવાનો અનેરો અવસર છે.

યુનિવર્સિટીના વિવિધ કોર્ષમાં, રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, યૂથ ફેસ્ટિવલ સહિતની વિવિધ સ્પર્ધામાં ઉતિર્ણ થયેલ કોલેજના વિદ્યાર્થી ઓને પ્રમાણ પત્ર, શિલ્ડ અને ચેક ઈનામરૂપે આપવામાં આવ્યા હતા.

આ તકે રોજગાર કચેરીના મદદનીશ નિયામક ચેતનભાઈ દવે, કચેરીના કાઉન્સિલર રાજેશભાઈ ચૌહાણ, તન્વી ત્રિવેદી, જે. જે. કુંડલિયા કોમર્સ કોલેજના ટ્રસ્ટી ધીરુભાઈ ધાબલિયા, પ્રિન્સિપાલ પ્રીતિ ગણાત્રા, મીનાબેન કુંડલીયા મહિલા કોલેજના પ્રિન્સિપાલ નીલુબેન મુલચંદાણી, કુંડલીયા આર્ટસ અને કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ યજ્ઞેશભાઇ જોશી સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા.

# રૈયા રોડ પર માસ્ટર આઈડી પર જુગાર રમાડતો વેપારી ઝડપાયો

## PCBની ટીમે વેપારી પંકીલ ઠકરારને દબોચ્યો, હવે બુકીની શોધખોળ

રાજકોટ. તા.૨૭

રૈયા રોડ પર માસ્ટર આઈડી પર જુગાર રમાડતો વેપારી પંકીલ ઠકરારને પીસીબીની ટીમે દબોચી મોબાઈલ ફોન કબ્જે કર્યો હતો. પોલીસે પંટરને માસ્ટર આઈડી આપનાર બુકીનું નામ ખોલાવવા તજવીજ આદરી હતી.

મળતી વિગત મુજબ, પીસીબી પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં પીએસઆઇ એમ.જે.હુણ ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં.ત્યારે એ.એસ.આઇ. મયુરભાઈ પલાળીયા અને કોન્સ્ટેબલ હીરેન સોલંકીને રૈયા રોડ નાયરા પેટ્રોલપંપની બાજુમાં અયોધ્યા રેસ્ટોરન્ટની સામે ફુટપાથ ઉપર પંકીલ ઠકરાર નામનો શખ્સ પોતાના મોબાઇલ ફોનમાં ક્રિકેટ મેચોમાં રન ફેરના સોદાઓ થઇ શકે તે માટે અન્ય લોકોને આઈડી ફોરવર્ડ કરી રૂપીયા લઇ પૈસાની હાર-જીતનો જુગાર રમાડે છે, તેવી ચોકકસ બાતમીના આધારે ટીમે દરોડો પાડી બાતમીના સ્થળેથી શખ્સને પકડી તેનું નામ પૂછતા પોતે પંકીલ જીતેન્દ્ર ઠકરાર (ઉ.વ.૩૪),(રહે.રણછોડનગર-૧૧ ની બાજુમાં નારાયણનગર-૨) હોવાનું જણાવ્યું હતું.

પોલીસે તેમના મોબાઇલમાં આઈ.ડી.માં રૂ. ૧૪,૭૩,૨૦૫ જોવા મળી હતી અને તથા માસ્ટર આઇ. ડી.માંથી ક્રિકેટ મેચોમાં રન ફેરના સોદાઓ કરી સટ્ટો રમાડતો હોવાની કેફિયત આપી હતી. આરોપીને માસ્ટર આઈડી આપનાર શખ્સનું નામ ખોલાવવા રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

ત્યારે એ.એસ.આઇ. મયુરભાઈ પલાળીયા અને કોન્સ્ટેબલ હીરેન સોલંકીને રૈયા રોડ નાયરા પેટ્રોલપંપની બાજુમાં અયોધ્યા રેસ્ટોરન્ટની સામે ફુટપાથ ઉપર પંકીલ ઠકરાર નામનો શખ્સ પોતાના મોબાઇલ ફોનમાં ક્રિકેટ મેચોમાં રન ફેરના સોદાઓ થઇ શકે તે માટે અન્ય લોકોને આઈડી ફોરવર્ડ કરી રૂપીયા લઇ પૈસાની હાર-જીતનો જુગાર રમાડે છે, તેવી ચોકકસ બાતમીના આધારે ટીમે દરોડો પાડી બાતમીના સ્થળેથી શખ્સને પકડી તેનું નામ પૂછતા પોતે પંકીલ જીતેન્દ્ર ઠકરાર (ઉ.વ.૩૪),(રહે.રણછોડનગર-૧૧ ની બાજુમાં નારાયણનગર-૨) હોવાનું જણાવ્યું હતું.

# ૧લી જાન્યુઆરીથી ટ્રેનોનું નવું ટાઇમ ટેબલ

**૩૭ ટ્રેનોનો સમય વહેલો - ૨૨નો મોડો કરાયો : ૧૯ ટ્રેનોની સ્પીડમાં વધારો થશે : અન્ય છ ટ્રેનોની સ્પીડ ઘટશે**

રાજકોટ, તા. ૨૭

રેલવે તરફથી આગામી ૧લી જાન્યુઆરીથી નવુ ટાઇમ ટેબલ લાગુ કરવામાં આવી રહ્યું છે. જેમાં અનેક ટ્રેનોના સમયમાં પાંચ મીનીટથી માંડીને ૩૩ મીનીટ સુધીનો બદલાવ થશે. ઉપરાંત અનેક ટ્રેનોની સ્પીડ વધશે જયારે કેટલીકની ગતિમાં વધારો થશે. રાજકોટ રેલવે ડિવિઝનના સુત્રોએ જણાવ્યું હતું કે, ૧લી જાન્યુઆરીથી પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવીઝનમાં નવું ટાઇમટેબલ લાગુ થશે. રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી ૧૯ ટ્રેનોની સ્પીડ વધારવામાં આવી છે.

જયારે ઓપરેશનલ કારણોસર છ ટ્રેનોની સ્પીડમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ટ્રેનોની સ્પીડ વધતા પેસેન્જર ટ્રેનોના ઓપરેટીંગ સિસ્ટમમાં ઘટાડો થશે અને પ્રવાસીઓને લાભ મળશે. આ સમયગાળા દરમ્યાન રાજકોટ ડિવિઝનના વિવિધ પ્લેટફોર્મ પર ૩૭ ટ્રેનોનો સમય વહેલો કરવામાં આવ્યો છે. વર્તમાન સમય કરતા પાંચથી લઇને ૩૩ મીનીટ સુધી ટ્રેનો વહેલી થશે. જયારે ૨૨ ટ્રેનોનો સમય પાંચ મીનીટથી લઇને ૨૦ મીનીટ સુધી મોડો કરવામાં આવ્યો છે. ઓખા, દ્વારકા, ખંભાળીયા, જામનગર, હાપા, રાજકોટ, વાંકાનેર, થાન, સુરેન્દ્રનગર સહિતના સ્ટેશનોમાં ટ્રેનના આવાગમનનો સમય બદલાશે.

# ગોંડલના પાટીદળની સીમમાં પડતર મકાનમાંથી ઝડપાયો ૩૫૦ પેટી દારુ

## રૂરલ LCBનો દરોડો : ૬૭૯૨ બોટલ, વાહન મળી રૂ. ૨૬ લાખથી વધુનો મુદ્દામાલ કબજે : મકાન માલિકની શોધખોળ શરુ



રાજકોટ મિરર, ગોંડલ તા. ૨૭

ગોંડલ પંથકના પાટીદળ ગામની સીમમાં એક અવાવરું મકાનમાં મોટાપાયે વિલાયતી દારૂનો સંગ્રહ અને હેરફેર થતી હોવાની બાતમી પરથી રાજકોટ રૂરલ એલસીબીએ દરોડો પાડી રૂ. ૨૬,૦૩૨૦૮ની ૬૭૯૨ બોટલ કબજે કરી દારૂના જથ્થાના માલિકની શોધખોળ આદરી છે. રાજકોટ જિલ્લા પોલીસવડા હિમકરસીંહની સૂચનાને લઈને રૂરલ એલસીબી પોલીસે પીઆઈ વી.વી.ઓડેદરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એચ.સી. ગોહીલ અને સ્ટાફ નાઈટ પેટ્રોલીંગ દરમિયાન એલ.સી.બી. શાખાના પો.હેડ કોન્સ. અનિલ ગુજરાતી, ભગીરથસિંહ જાડેજા, વાઘાભાઇ આલ તથા પો. કોન્સ. મહિપાલસિંહ ચુડાસમાની સંયુક્તમાં બાતમીના આધારે ગોંડલ તાલુકાના પાટીદળ ગામમાં હાઈબોન્ડ જવાના રસ્તે ૧૦૦ વારીયા પ્લોટ વિસ્તારમાં આવેલ પડતર મકાનમાં અજય ઉર્ફે પંકજ જેન્તીભાઇ મકવાણા રહે.પાટીદડવાળાએ વેચાણ અર્થે ઈંગ્લીશ દારૂનો જથ્થો ઉતાર્યો છે. બાતમીવાળી જગ્યા પર દરોડો પાડતા વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની ૩૫૦ પેટીઓ, ૬૭૯૨ નાની મોટી બોટલો સહિત કુલ ૨૬,૦૩,૨૦૮/- રૂપિયાનો મુદ્દામાલ પોલીસને હાથ લાગ્યો હતો. જ્યારે અજય ઉર્ફે પંકજ જેન્તીભાઇ મકવાણા (રહે - પાટીદડ ગામવાળા)ને પકડવા પોલીસ દ્વારા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

આ કામગીરીમાં રાજકોટ રૂરલ એલસીબીના પીઆઈ વી.વી. ઓડેદરા પીએસઆઈ એચ. સી.ગોહીલ, કે.એમ.ચાવડા, એએસઆઈ બાલકૃષ્ણ ત્રીવેદી, અમીતસિંહ જાડેજા, હેડ કોન્સ. અનિલ ગુજરાતી, ભગીરથસિંહ જાડેજા, વાઘાભાઇ આલ, રસીક જમોડ, ઘનશ્યામસીંહ જાડેજા, મહિપાલસિંહ ચુડાસમા, ભાવેશ મકવાણા, દિલીપસીંહ જાડેજા, અનીરૂધ્ધસીંહ જાડેજા સહિતની ટીમ આ કામગીરીમાં જોડાઈ હતી.

(ફોટો : કુલદીપસિંહ જાડેજા)

# કાર રિવર્સમાં લેતી વખતે સગો ભાઈ જ ચગદાઈ જતાં મોત

## રામધણ આશ્રમ પાસે સંસ્કાર સીટીમાં બનેલો બનાવઃ ત્રણ મહિના પહેલાં પાર્કિંગમાંથી કારખાનેદાર ધર્મેન્દ્રભાઈ રૈયાણી ઈજાગ્રસ્ત હાલતમાં મળેલ હતાંઃ મૃતકની પત્નીએ જેઠ પ્રશાંત રૈયાણી સામે નોંધાવી ફરિયાદ

રાજકોટ મીરર

મવડી બાયપાસ રોડ રામધણ આશ્રમ પાસે સંસ્કાર સીટીમાં રહેતા ધર્મેન્દ્રભાઈ રીમલભાઈ રૈયાણી (ઉ.વ.૩૯) ગત ગત તા.૩-૯ના રોજ એપાર્ટમેન્ટના પાર્કિંગમાંથી ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવ્યા બાદ તાકીદે તેઓને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં સારવારમાં મોત નિપજ્યું હતું. જે બનાવમાં મૃતક ધર્મેન્દ્રભાઈ કારમાંથી ઉતરતી વખતે પડી ગયા હતા. તેવામાં તેમના ભાઈએ કાર રીવર્સ લેતી વખતે ધર્મેન્દ્રભાઇ પર કાર ફરી વળતાં ગંભીર રીતે ઈજાઓ પહોંચતા મોત નિપજ્યું હતું.બનાવ અંગે મૃતકની પત્નીએ તેના જેઠ પ્રશાંત વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ મવડી બાયપાસ રોડ પાસે આવેલ સંસ્કાર સીટીમાં રહેતા ધર્મિષ્ઠાબેન ધર્મેન્દ્રભાઈ રૈયાણીએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે પ્રશાંત છગન રૈયાણીનું નામ આપતા તાલુકા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ફરિયાદમાં જણાવ્યું હતું કે તેણી સાસુ-સસરા અને બે દિકરીઓ સાથે રહે છે. તેમની સામેના ફલેટમાં જેઠ પ્રશાંતભાઇ અને



તેમનો પરિવાર રહે છે.

ગત તા.૩-૯ના તેઓ પરિવાર સાથે ઘરે હાજર હતા ત્યારે સવારના આઠેક વાગ્યે તેમના પતિ ધર્મેન્દ્રભાઈ અને જેઠ પ્રશાંતભાઇ રોજિંદા કામ મુજબ તેમના જેઠની કાર કિયા સેલ્ટો નં. જીજે ૩ એલઆર ૫૪૪૩ લઇ પોતાના કામ પર જવા માટે નીકળેલ હતા. બપોરના તેણીના પતિનો ફોન આવેલ કે તેમને લોઠડા ગામ કામે જવાનું છે. જેથી ટીફીન બનાવી રાખજો. ત્યારબાદ થોડીવારમાં તેણીના પતિ અને જેઠ ફલેટ પર આવેલ અને ટીફીન લઇ જતા રહેલ હતા.

રાત્રીના નવેક વાગ્યે તેમના સસરા છગનભાઈએ ફોનથી જાણ કરેલ કે ધર્મેન્દ્ર ફલેટના પાર્કિંગમાં પડી ગયેલ છે. જેથી તેમના પાર્કિંગમાં દોડી જતા તેમના જેઠ સહિતના લોકો ભેગા થયેલ હતા. અને તેણીના પતિ બેભાન હાલતમાં પડેલ હતા. માથાના ભાગે લોહી નીકળતું જોવા મળેલ હતું. તેમને ૧૦૮ મારફતે સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ હતા. જયાં તેમનું ટુંકી સારવારમાં મોત નિપજ્યું હતું.

બાદમાં તેણીને જાણ થયેલ કે તેમના પતિ અને જેઠ પ્રશાંતભાઇ કારખાનેથી ઘરે પાર્કિંગ આવ્યા બાદ તેમના પતિ કારમાંથી નીચે ઉતરી પડી ગયેલ હતા તે દરમ્યાન તેણીના જેઠ પ્રશાંતભાઇ કાર પાર્કિંગમાં વ્યવસ્થિત પાર્ક કરતા હતા. ત્યારે તેણીના પતિના માથા પર ફોર વ્હીલનું ટાયર ફરી વળતા ગંભીર ઇજા થવાથી તેમનું મોત થયાનું સામે આવતા ફરિયાદ નોંધાવી હતી. બનાવ અંગે તાલુકા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# બોગસ દસ્તાવેજનો માસ્ટર માઈન્ડ હર્ષ સોની ૭ દિવસના રિમાન્ડ પર

## નકલી ૧૭ દસ્તાવેજો ત્રિપુટીએ બનાવ્યા'તા પણ હજુ કોઇ મિલ્કત વેંચી નહોતી, હર્ષની ધડાધડ કબૂલાત ચાલુ

રાજકોટ મિરર, તા.૨૭

શહેરની સબ રજીસ્ટ્રાર કચેરીમાં બોગસ દસ્તાવેજો બનાવવા મામલે ભેજાબાજ મુખ્ય સુત્રદ્ધાર હર્ષ સોનીને ગઈકાલે અમદાવાદના વેજલપુરમાંથી પ્રનગર પોલીસે દબોચી લીધા બાદ આજે ૧૦ દિવસના રીમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજુ કરાતા ૭ દિવસના રિમાન્ડ મંજુર થયાનું પોલીસે જણાવ્યું હતું.

શહેરની સબ રજિસ્ટ્રાર કચેરી ઝોન-૧માં કોન્ટ્રાકટ બેઝ કર્મચારી જયદીપ ઝાલા, વકીલ કિશન ચાવડા અને પૂર્વ કર્મચારી હર્ષ સોનીએ કચેરીમાં રખાયેલા ૧૯૫૬થી ૧૯૭૨ સુધીની સાલના જુના દસ્તાવેજોમાં ચેડા કરી, નાશ કરી તેની કોમ્પ્યુટર સ્કેનર પ્રિન્ટમાં છેડછાડ કરી કરોડોની ૧૭ મિલકતોના બોગસ દસ્તાવેજો ઉભા કરી લીધાના કૌભાંડમાં સૂત્રધાર હર્ષ સોનીને પ્ર. નગર પોલીસે અમદાવાદથી પકડી લીધો છે.

તેમને કબુલ્યું છે કે વકિલ કિશન ચાવડા જુની મિલ્કતો, પડતર જમીનોની વિગતો શોધી કાઢતો હતો અને તે મને જાણ કરતો હતો. એ પછી હું જયદિપને આવી મિલ્કતના દસ્તાવેજ શોધવાનું કહેતો હતો. એ પછી તેના બોગસ દસ્તાવેજ બનાવતાં હતાં. આ કામ માટે કિશન અમુક રકમ આપતો હતો. જો કે સદનસિબે ૧૭ નકલી દસ્તાવેજો જેના બન્યા એ પૈકી એકપણ મિલ્કત હજુ વેંચી શકાઇ નહોતી.

આ કૌભાંડમાં ડીસીપી ઝોન-૨ જગદીશ બાંગરવાની રાહબરી હેઠળ



એસીપી રાધિકા ભારાઈના માર્ગદર્શન હેઠળ પીઆઇ પી.આર. ડોબરીયા અને ટીમે તપાસ શરૂ કરી હતી. આ તપાસ માટે પોલીસ કમિશનર દ્વારા સીટની રચના પણ કરવામાં આવી છે. દરમિયાન પોલીસે હર્ષ સોની ઉર્ફે હર્ષ ભરતભાઈ સોહેલીયા (ઉ.વ.૨૧, રહે. સત્યમ પાર્ક, ૮૦ ફટ રોડ)ને અમદાવાદથી ઝડપી લઇ વિશેષ પુછતાછ માટે દસ દિવસના રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજુ કરતા સાત દિવસના રિમાન્ડ મંજુર થયા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

હર્ષએ પ્રાથમીક પુછતાછમાં વકીલ કિશન ચાવડાના કહેવાથી કોન્ટ્રાકટ બેઝ કર્મચારી જયદીપ ઝાલા સાથે મળી બોગસ દસ્તાવેજ ઉભા કર્યાનું રટણ કર્યું છે. હવે પોલીસ વકીલને શોધી રહી છે. તપાસમાં કોઈ અધીકારી કે મોટા માથા સામેલ છે કે કેમ? તેની તપાસ થશે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૧૯૭૨ પહેલાના હસ્તલિખિત દસ્તાવેજની સ્કેનિંગ કોપીમાં કચેરીના સુપરવાઇઝર અને કોન્ટ્રાકટ આધારિત કર્મચારી સહિત ત્રણ શખસોએ ૧૭ દસ્તાવેજોમાં ચેડા કરી નકલી દસ્તાવેજો ઉભા કર્યા હતાં. જો કે આ દસ્તાવેજોને આધારે કોઈ મિલકત વેચી નથી.

બોક્સ : કોન્ટ્રાકટ બેઈજ પર કામ કરી ચૂક્યો હર્ષ

હર્ષ સોની પણ અગાઉ સબ રજીસ્ટ્રાર કચેરી ઝોન-૧માં કોન્ટ્રાક્ટ બેઝ પર કામ કરી ચુક્યો હોઈ તે ત્યાં કયા કયા દસ્તાવેજો રખાય છે તેનાથી વાકેફ હતો અને હાલના કર્મચારી જયદિપ ઝાલા સાથે પણ તેની ઓળખાણ હતી. હર્ષએ એવુ રટણ કર્યુ છે કે ફરાર આરોપી કિશન ચાવડા જ દસ્તાવેજોનાં કામો લઈને આવતો હતો. જેના પરથી કોમ્પ્યુટર ઓપરેટર જયદીપ ઝાલા કચેરીમાંથી ઓરીજીનલ દસ્તાવેજો, તેની સ્કેન કરેલી કોપી વગેરે લઈ આવતો હતો.

બોક્સ : જયદીપને કિશન અમુક રકમ આપતો

આ કૌભાંડમાં લોકેશન પ્રમાણે અને જમીનની કિંમત પ્રમાણે તેને અને જયદિપને કિશન અમુક રકમ આપતો હતો. અમુક મિલ્કતના બોગસ દસ્તાવેજ ઉભા કરવામાં તેને ત્રણ લાથી છ લાખની રકમ મળી હતી. જો કે કરોડોની કિંમતી મિલ્કતોના નકલી દસ્તાવેજો બની ગયા પછી પણ આ મિલ્કતો વેંચી શકાઇ નથી. જયદીપ ઝાલા અને કિશન ચાવડા સિવાયનાં બીજા કોઈ આરોપીઓની સંડોવણી છે કે કેમ તેની રિમાન્ડ દરમિયાન પોલીસ માહિતી ઓકાવશે

બોક્સ : ખુબ ભાગ્યો હર્ષ, પણ પોલીસે ઝાલી લીધો

જો કે પોલીસનું કહેવું છે કે, જે જમીનનાં દસ્તાવેજોમાં ચેડા થયા હતા. તેનાં આધારે કોઈ જમીનનો સોદો થયો હોય તેવી કોઈ માહિતી મળી નથી. હર્ષ ભાગીને રાજસ્થાન-નાથદ્વારા, મુંબઇ તરફ ગયો હતો અને છેલ્લે ફરી અમદાવાદ આવતાં પકડી લેવાયો હતો. આ કૌભાંડ બહાર આવ્યા બાદ પ્ર.નગર પોલીસે હર્ષ સોનીનાં બીલખા પ્લાઝા બિલ્ડિંગમાં ભાડે રાખેલા ફલેટમાં દરોડો પાડતાં ત્યાંથી અનેક દસ્તાવેજો, તેની ઝેરોક્ષ કોપી, ડુપ્લીકેટ સિક્કા અને તેને બનાવવાનું મશીન મળી આવ્યું હતું.

# રૈયામાં પ્લાયવૂડ-હાર્ડવેરની દુકાનમાં આગ

## દુકાન માલિકો દ્વારા ફાયર બ્રિગેડમાં અંદાજે રૂા.૧૫ લાખનું જાહેર કરાયું નુકશાન





રાજકોટ મિરર, તા.૨૭

આજે સવારે દસેક વાગ્યાની આસપાસ રૈયા ગામની એક પ્લાયવૂડ-હાર્ડવેરની દુકાનમાં ભભૂકેલી આગથી આજુબાજુ અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોકે ફાયર બ્રિગેડે સમયસર પહોચી આગ બુઝાવી દેતા આજુબાજુના વેપારીઓ અને રાહદારીઓમાં રાહતની લાગણી પ્રસરી હતી.

રૈયા ગામમાં આવેલી અંજલી પ્લાયવૂડ એન્ડ હાર્ડવેર નામની દૂકાન બંધ હતી ત્યારે શોર્ટ સરકિટ થતાં આગ ભભૂકતા દૂકાનનું ફર્નિચર, હાર્ડવેરનો તમામ સામાન, પ્લાયવૂડ વગેરે બળીને ખાક થઇ જતાં અંદાજે પંદરેક લાખનું નુકશાન થયાનું મનાય છે. આ દૂકાન ચંદુભાઇ દામજીભાઇ બદરકીયા અને રસિકભાઇ દામજીભાઇ બદરકીયાની હોવાનું બહાર આવ્યું છે. બનાવને પગલે લોકોના ટોળા એકઠા થઇ ગયા હતાં. આગને કારણે ધૂમાડના ગોટા દૂર સુધી દેખાતા હતાં. એકાદ કલાક સુધી પાણીનો મારો ચલાવી આગ ફાયર બ્રિગેડે આગ બુઝાવી નાખી હતી.

આગ લાગ્યાની જાણ થતા જ રામાપીર ચોકડી ફાયર સ્ટેશનના ધ્રુવભાઇ, અક્ષયભાઇ વડેખણીયા, જગાભાઇ રબારી, ભાવેશભાઇ ભટ્ટ અને કાલાવડ રોડ ફાયર સ્ટેશનના એસટીઓ નડીયાપરા, સંજયભાઇ ગોહીલ, કીરીટભાઇ બોખાણી અને સંજયભાઇ ગૌસ્વામી એ આગ બુઝાવવાની કામગીરી કરી હતી આ સમયે દુકાનના માલીક ચંદુભાઇ દામજીભાઇ બદરકીયા હાજર હતા તેમજ ચંદુભાઇએ જણાવ્યુ હતુ કે આગ શોક સર્કીટથી લાગી હતી અને તેમા અંદાજીત પંદરેક લાખનુ નુકસાન થયાનો અંદાજ છે.

## લોધિકાના વિરવા ગામે વ્યાપક દબાણો હટાવી

# ૨ કરોડની બે હજાર ચોરસ મીટર જમીન ખૂલ્લી કરાઈ

રાજકોટ મિરર, તા.૨૭ : રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના નિર્દેશ મુજબ જિલ્લામાં ગેરકાયદે દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત લોધિકા તાલુકામાં મામલતદારશ્રીની રાહબરીમાં આજે વિરવા ગામે આશરે બે હજાર ચોરસ મીટર જમીન પર થયેલા ગેરકાયદે દબાણ હટાવીને આશરે રૂપિયા બે કરોડની જમીન ખુલ્લી કરાવવામાં આવી હતી.

રાજકોટ જિલ્લાના લોધીકા તાલુકાના વિરવા ગામમાં સરકારી ખરાબાની રેવન્યુ સ.નં.૭૧ ની આશરે ૨૦૦૦ ચો.મી. જમીનમાં અનઅધિકૃત દબાણ કરવામાં આવ્યું હતું. જમીન મહેસુલ કાયદાની કલમ-૬૧ તથા ૨૦૨ હેઠળ તમામે દબાણદારોને અગાઉ નોટીસ બજવણી કરવામાં આવી હતી અને સરકારી જમીન પરનો અનઅધિકૃત કબ્જો ખુલ્લો કરવા તાકીદ કરાઈ હતી પણ આ દબાણ આજદિન સુધી દૂર થયા ના હતા. જિલ્લા કલેક્ટરની સુચના તથા પ્રાંત અધિકારીના માર્ગદર્શન મુજબ, લોધીકા મામલતદાર એ આજરોજ વિરવા ગામે દબાણ હટાવો કામગીરી શરૂ કરી હતી. જે અંતર્ગત આશરે રૂ. બે કરોડની કિંમતની આશરે ૨૦૦૦ ચો.મી. જેટલી સરકારી જમીન પરનું દબાણ પોલીસ બંદોબસ્ત સાથે રાખી દૂર કરાવ્યું હતું. સમગ્ર કામગીરી શાંતિપૂર્ણ રીતે કરવામાં આવી હતી.

## ૫૪ લાખના ૯૦ લાખ ચૂકવ્યા છતાં વધુ રકમ માંગી લમધાર્યા

# ગોંડલમાં યાર્ડના વેપારી વ્યાજંકવાદના અજગર ભરડામાં : ૪ સામે ગુન્હો

## ગોંડલના વલ્લભ શામજી ખૂંટ, ક્રિમેશ વલ્લભ ખૂંટ, પોરબંદરના નગા શિવા ઓડેદરા અને કરણ સામે સીટી બી ડીવીઝન પોલીસમાં નોંધાવાઈ ફરિયાદ

રાજકોટ મિરર, તા.૨૭

માર્કેટિંગ યાર્ડના વેપારીએ કૌટુંબિક મામા પાસેથી લીધેલ રૂ.૫૪ લાખના ૯૦ લાખ ચૂકવ્યાં છતાં વધું રૂ.૪૪ લાખની પઠાણી ઉઘરાણી કરી કૌટુંબિક મામા તથા તેના પુત્ર સહિત અન્ય શખ્સો સાથે મળી વેપારી તથા તેના ભત્રીજાને મારમારી ધમકી આપતા ગોંડલ સીટી બી.ડિવિઝન પોલીસ મથકમાં મનીલેન્ડ એક્ટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો.

પ્રાપ્ત વિગતો રાજકોટના બાલાજી હોલ પાસે એપલ વીલા સોસાયટી ધોળકીયા સ્કુલની બાજુમાં રહેતાં છગનભાઈ પરસોત્તમભાઈ ગઢીયા (ઉ.વ.૬૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે વલ્લભ શામજી ખૂંટ, ક્રિમેશ વલ્લભ ખૂંટ (રહે. બંને ગોંડલ), નગા શિવા ઓડેદરા (રહે. પોરબંદર) અને કરણ નામના શખ્સનું નામ આપતાં ગોંડલ સીટી બી. ડિવિઝન પોલીસે મનીલેન્ડ એક્ટ ધમકી, મારામારી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ગોંડલ માર્કેટીંગ યાર્ડમા સી.સી.એન્ટરપ્રાઈઝ નામની પેઢી ધરાવી વેપાર કરે છે. આરોપી વલ્લભભાઈ તેઓના કૌટુંબિક મામા થતા હોય જેથી લસણ-ડુંગળીનો વેપાર બાબતે અવાર નવાર પૈસાની જરૂરીયાત હોય ત્યારે તેમની પાસેથી રૂપીયા લેતાં હતાં. જણસ વેંચાયે રૂપીયા પરત આપી દેતાં હતાં. મામા ત્રણ ટકા, પાંચ ટકા, દશ ટકા મહીને વ્યાજ ઉપર પૈસા આપતા હતા.

વલ્લભભાઈ પાસેથી કટકે કટકે લીધેલ રૂ.૫૪ લાખ તેમણે ફરિયાદીની સી.સી.એન્ટરપ્રાઈઝ તથા એમ.પી.પટેલ નામની પેઢીમાં નાંખેલ હતાં. તે પૈસા તેઓએ વ્યાજ સહીત આર.ટી.જી.એસ. તથા રોકડા મળી કુલ રૂ.૯૦ લાખ ચૂકવી આપેલ હતાં. વ્યાજ સહીતની રકમનો છેલ્લે રૂ.૪.૯૪ લાખનો





બાકી રહેતા હતો. તે પૈસા વ્યાજ સહીતના ચુકવવાના હોય જે પૈસા ચુકવવા બાબતે લખાણ કરી આપવા માટે કહેલુ ત્યારે વલ્લભભાઈ એ તને મારી ઉપર ભરોષો નથી લખાણની શું જરૂર છે તેમ કહેલ હતું.

બાદમાં વલ્લભભાઈ એ રૂ.૧૮ લાખ તેઓ પાસે માંગે છે એવી નોટીસ મોકલાવેલ હતી. હકીકતમાં તેઓ પૈસા માંગતા ન હોય જેથી નોટીસનો વકીલ મારફતે જવાબ પણ કરેલ હતો.

વલ્લભભાઈ અનેકવાર માર્કેટીંગ યાર્ડમા તેઓની પેઢીએ રૂબરૂ આવેલ અને પૈસાની માંગણી કરી તેમનો હીસાબ વધારતા હતાં. પોરબંદરના નાગા ઓડેદરા સહિત ઘણા લોકો દ્વારા મોબાઇલ કરી કડક ઉઘરાણી કરાવતા હતા. ગઈ તા.૨૮/૧૧/૨૦૨૪ ના નગા અને કરણ નામના શખ્સે વલ્લભભાઈને રૂપીયા આપી ધમકી આપી હતી.

બાદ આરોપીઓ ફરિયાદીની ઓફીસે આવેલ હતાં અને ત્યા વ્યાજના પૈસાની લેવડ દેવડની વાત ચાલતી હતી દરમ્યાન વલ્લભભાઈએ રૂ.૪૪ લાખ આપી દેવા ધમકાવેલ અને ગાળ દીધેલ હતી. જેથી તેમને કહેલ કે, તમારા વ્યાજ સહીતના રૂ.૪.૯૪ લાખ જ આપવાના થાય છે જેથી તે ઉશ્કેરાઈ ગયેલ અને ગાળો બોલવા લાગેલ હતાં. તેમજ ત્યાં હાજર તેમનો દીકરો ક્રીમેશે તેમના ભત્રીજા ભૌતીકનો કાંઠલો પકડી લીધેલ બાદ બોલાચાલી થયેલ અને સામસામે મારામારી થયેલ હતી. વલ્લભભાઈ અને તેના દીકરાએ ફરિયાદીના ભત્રીજા ભૌતિકને ફડાકા મારી ઢીકાપાટુનો માર મારેલ અને કરણે ભુંડી ગાળો આપી હતી. વલ્લભભાઈએ ચટણીના ડબ્બા ભરેલ ઠેલી ઉપાડેલ હતી.

દરમિયાન ત્યાં હાજર મધ્યસ્થીઓ વચ્ચે પડેતા આરોપીઓએ કહેલ કે, આજે તો જાવ છુ, પરંતુ મારા પૈસા ચુકવી દેજો નહીતર તને જીવતા નહી રહેવા દઉં ધમકી આપી નાસી છૂટ્યા હતાં. બનાવ અંગેની ફરીયાદ પરથી પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.



# નાગલપરમાં પ્લોટ ફાળવણીમાં ઘાલમેલના આક્ષેપ

## પ્લોટમાં મકાન બનાવવા બાબતે ગ્રામ પંચાયતે જતાં પ્લોટ સરકારી હોવાની જાણ થઈઃ પ્લોટધારક કાનજીભાઈ જોગડીયાએ તલાટી અને સરપંચ સામે કર્યો ગેરરિતીનો આક્ષેપઃ તંત્ર અને સતાધીશોની નીતિ રીતિ સામે અનેક સવાલ?

રાજકોટ મીરર

રાજકોટના નાગલપર ગામમાં પ્લોટની ફાળવણી કર્યા બાદ આકારણી પત્રક રદ કરતાં પ્લોટ ધારકે ગેરરિતી થયાનો આક્ષેપ કર્યો હતો. આ અંગે પ્લોટ ધારકે રાજકોટ તાલુકા પંચાયતના ટીડીઓને લેખિત રજૂઆત કરી હતી. અને નાગલપર ગ્રામ પંચાયતના તલાટી અને સરપંચ સામે પ્લોટ ધારકે આક્ષેપ કર્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટમાં આવેલ નાગલપર ગ્રામ પંચાયત દ્વારા ૨૦૧૯માં ગામની આકારણી કરવામાં આવી હતી. ત્યારે માપણી કરનાર એન્જિનિયર દ્વારા નાગલપર ગામમાં ૨૦૦ નંબરનો પ્લોટ રાધાબેન જીવરાજભાઈ જોગડીયા નામે ફાળવી ૧૫/૧૨/૨૦૧૯માં રોજ આકારણી પત્રકમાં ઉલ્લેખ કર્યો હતો. બાદ ૨૦૨૩માં રાધાબેનનું અવસાન થયું હતું. બાદ રાધાબેનના દિકરા કાનજીભાઈ જોગડીયા તે પ્લોટનો ઉપયોગ કરે છે. હાલ તે પ્લોટમાં મકાન બનાવવું હોય જેથી તે મકાન બનાવ માટેની પ્રોસેસ કરતાં તેને માલુમ પડ્યું કે આ પ્લોટ સરકારી છે. અને જે તે વખતે પ્લોટનું આકારણી પત્રક આપવામાં આવ્યું હતું. પણ તે પ્લોટમાં મકાન બનાવી ન શકાય. બાદ કાનજીભાઈ જોગડીયા આ બાબતે તલાટી પાસે જતા ગ્રામ પંચાયતના તલાટીએ ઉડાવ જવાબ આપી તે પ્લોટ સરકારી છે તેમાં મકાન ન બનાવી શકાય તેવું કહ્યુ હતુ. બાદ કાનજીભાઈ જોગડીયાએ આ અંગે રાજકોટ તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારીને રજૂઆત કરી હતી. જેમાં જણાવ્યું હતું કે પોતાનો પરિવાર વર્ષોથી નાગલપર ગામમાં રહે છે. ગ્રામ પંચાયત દ્વારા અગાઉ ૨૦૦ નંબરનો પ્લોટ આકારણી પત્રક સહિત વેરા પહોંચ આપી જગ્યાનો કબજો આપેલ હતો. તે વખતે સરપંચ દ્વારા જણાવાયું હતું કે આ જગ્યાના ખુટતા કાગળ ટૂંક સમયમાં મળી જસે. બાદ આજ સુધી કોઈ કાગળ મળેલ નથી. અને આ બાબતે કોઈ પણ જવાબ આપેલ નથી. તેમજ તલાટી દ્વારા જણાવાયું કે આ મિલકત રજીસ્ટરમાં નથી. ત્યાર બાદ ફરી કાનજીભાઇએ સરપંચને વાત કરેલ પણ કોઈ વ્યવસ્થિત જવાબ આપેલ નહિ. હાલમાં પણ તે જગ્યાનો કબ્જો ધરાવીએ છીએ. છેલ્લાં ત્રણ વર્ષથી નિયમિત કરવેરો ચૂકવું છું. અને હાલ તે જમીનમાં મકાન બનાવવું હોય જેથી આ વર્ષનો કરવેરો ભરવા ગયો ત્યારે તલાટીએ વેરો ભરવાની ના પાડી હતી. અને તે જગ્યા સરકારી છે તેવું જણાવ્યું હતું. આ બાબતે કાનજીભાઈએ આક્ષેપ સાથે ટીડીઓને રજુઆત પણ કરી હતી. ત્યારે સવાલ એ પણ થાય કે જે તે વખતે કરેલ ગામની આકારણી ભૂલ ભરેલ કે વિસંગતા વાળી હોય તો આજ દીન સુધી કેમ કરી ફરી આકારણી ન કરી? તે જમીન ખરેખર સરકારી છે કે અગાઉ અધિકારીએ કરેલ ભૂલને ઢાંકવા તલાટી અને સરપંચ ઢાક પીછોળો કરે છે? આ બાબતે સરપંચે જણાવ્યુ હતું કે જે તે વખતે માપણીમાં ભુલ થયેલ છે. તે જગ્યા પર અગાઉ બાલ મંદીર હતુ. અને હાલ ત્યાં ખૂલ્લો પ્લોટ છે.

### ખુલ્લા પ્લોટનો ઘર વેરો વસૂલી શકાય?

નાગલપર ગ્રામ પંચાયતમાં દ્વારા ૨૦૧૯માં કરેલ આકારણી સમયે માપણી કરનાર એન્જિનિયરે ૨૦૦ નંબરનો પ્લોટ રાધાબેન જોગડીયાના નામે આકારણી કરી પત્રક તથા ટિપ્પણ કાઢી આપ્યુ હતું. બાદ તે પ્લોટ ધારક દ્વારા દર વર્ષે ઘરવેરો, દિવાબત્તી વેરો, સફાઈ વેરો, પાણી વેરો ભરવામાં આવે છે. ત્યારે સવાલ એ થાય કે ખુલ્લા પ્લોટનો ઘર વેરો, દીવાબત્તી વેરો ભરી શકાય? શું તે ગામના તલાટી આ બાબતે અજાણ છે? કે પછી જાણી જોઈને ઢાક પીછોળો કરે છે?

### ગામની નવી આકારણી બાદ પ્લોટ રદ કરવામાં આવ્યો : તલાટી

આ સમગ્ર બનાવ મામલે નાગલપર ગ્રામ પંચાયતના તલાટી શિલ્પા પલાડીયાએ જણાવ્યું હતું કે જે તે વખતે ગામમાં આકારણી કરવામાં આવી હતી ત્યારે ૨૦૦ નંબરના પ્લોટમાં રાધાબેન જોગડીયાનો નામનો ઉલ્લેખ કરી આકારણી પત્રક આપવામા આવ્યું હતું. તે વખતે માપણી કરનાર એન્જિનિયરે ભૂલથી સરકારી જમીન પર રાધાબેન જોગડીયાનું નામ દર્શાવી દીધું હતું. બાદ આ વર્ષે ફરી આકારણી કરતાં આ પ્લોટ સરકારી હોવાનું અને અગાઉ જૂનું બાલ મંદીર ત્યાં હોવાનું જણાતા આકારણી કમિટી દ્વારા આ પ્લોટ રદ કરવામાં આવ્યો છે.

# મનપાની આવકમાં ગાબડુ : ૨૮૦૦ ના લક્ષ્યાંક સામે મળ્યા ૯૦૦ કરોડ

## સરકારી ગ્રાન્ટના અંદાજ મુજબ અનેક યોજનાઓ માત્ર કાગળ પર જ રહી છે એટલું નહીં મહાનગરપાલિકાની વેરાની જે આવક છે તે પણ હજુ ૩૨૮ કરોડ જ પહોંચી

રાજકોટ, તા. ૨૭

મહાનગરપાલિકાને આર્થિક રીતે મોટો ફટકો પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે કારણકે મહાનગરપાલિકાની ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪૨૫ માટે જે ૨૮૦૦ કરોડનું બજેટ બનાવવામાં આવ્યું હતું તેમાં ઘણા ખરા પ્રશ્નો ઉભા થાય તેમ છે મહત્વનું એ છે કે હાલ આ અંગે અનેક પ્રશ્નો ઊભા થયા છે અને સત્તાધીશોમાં કહી શકાય કે ચિંતાના વાદળો ઘેરાયા છે અનેક મોટા પ્રોજેક્ટ ના ટેન્ડરો રીટર્નલ થતા કેપિટલ આવકનો ખર્ચ ઘણા ખરા અંશે ઘટયો ત્યારે બજેટમાં જે આવક નક્કી કરવામાં આવી હતી અને જેનો અંદાજો રાખવામાં આવ્યો તેમાં ઘણાખરા પ્રશ્નો ઉભા થાય તેવું તજજ્ઞોનું માનવું છે.

મળતી માહિતી મુજબ મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૨૪ ૨૫ નું અંદાજિત બજેટ ૨૮૦૦ કરોડ નક્કી કરવામાં આવ્યો હતો જેમાં આવકમાં ૧૦૦૦ કરોડ અને મૂડીમાં ૧૮૦૦ કરોડ એમ કુલ ૨૮૦૦ કરોડની આવકનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો પરંતુ કરુણવાત તો એ છે કે ઓક્ટોબર સુધીમાં કોર્પોરેશનની આવક માં માત્ર ન જીવો વધારો થયો છે અને ૪૦૦ કરોડની જ આવક થાય છે જ્યારે કેન્દ્રને રાજ્ય સરકારની ગ્રાન્ટની ૪૦૦ કરોડ સહિત કુલ ૯૦૦ કરોડ રૂપિયાની આવક થવા પામી છે.



૨૮૦૦ કરોડના આવકના લક્ષ્યાંક સામે આવક થઈ માત્ર ૯૦૦ કરોડ તેમાં પણ ૪૫૦ કરોડ તો સરકારી ગ્રાન્ટ

આ અંગે જો ચર્ચા કરવામાં આવે તો સરકારી ગ્રાન્ટના અંદાજ મુજબ અનેક યોજનાઓ માત્ર કાગળ પર જ રહી છે એટલું નહીં મહાનગરપાલિકાની વેરાની જે આવક છે તે પણ હજુ ૩૨૮ કરોડ જ પહોંચી છે. પ્રશ્ન એ છે કે બાકી રહેતા બે મહિનામાં જે એંસી કરોડ જેટલો વેરો વસૂલવાનો બાકી છે તે શું પૂર્ણ થશે કે કેમ. હવે જે પ્રશ્ન સતાવે છે તે એ છે કે મહાનગરપાલિકાની આવકને ઘણા ખરા પ્રશ્નો ઉભા થશે અને મનપાની આવક ને ઘણી માઠી અસર પણ પહોંચશે.

હવે જોવાનું એ રહ્યું કે મહાનગરપાલિકા આ આવકમાં જે ડેફિસીટ ઉભી થઈ છે તેની ભરપાઈ કેવી રીતે કરશે. કારણ કે હવે જે પ્રોજેક્ટ બાકી રહ્યા છે તેને ઝડપભેર પૂર્ણ કરવા એ મહાનગરપાલિકા માટે અત્યંત કપડાં ચડાણ સમાન સ્થિતિ ઊભી થઈ છે ત્યારે આટલું મોટું ગામડું અને તેની નુકસાની મહાનગરપાલિકા કેવી રીતે ઉઠાવશે તે સૌથી મોટો પ્રશ્ન ઉભો થયો છે અને હાલ આ અંગે સત્તાધીશોમાં પણ ક્યાંક ને ક્યાંક ગણગણાટ જોવા મળી રહ્યો છે. હાલ મહાનગરપાલિકાના સત્તાધીશોએ અને પદાધિકારીઓએ સંબંધિત વિભાગને તાકીદ કરી છે અને જણાવ્યું છે કે તેમના દ્વારા હવે વેરો તાકીદે વસૂલવામાં આવે જેથી જે ટાર્ગેટ નિર્ધારિત કરવામાં આવ્યો છે તેની નજીક પહોંચી શકાય.

## જીવલેણ અકસ્માતોનો સિલસિલો યથાવત રહ્યોઃ વધુ એક પરિવારે ગુમાવી લાડકી દિકરી

# ડમ્પર બન્યું કાળ : ધો. ૧૨ની વિદ્યાર્થિની જિંદગી ચગદાઈ

## આજીડેમ ચોકડી શ્રીરામ પાર્કમાં રહેતી ૧૭ અને ૧૪ વર્ષની બે સગી બહેનો શાળાએથી છુટી ઘરે જતી હતી ત્યારે જુના માર્કેટીંગ યાર્ડ પાસે ટુવ્હીલર સહિત અડફેટે આવી ગઈઃ નાની બહેનની નજર સામે મોટી બહેને દમ તોડ્યો

દર્શનસિંહ જાડેજા દ્વારા
રાજકોટ મિરર, તા.૨૭

શહેરમાં અવાર-નવાર જીવલેણ અકસ્માતો સર્જાતા રહે છે. જેમાં કેટલાય પરિવારોના આધારસ્તંભ, લાડકવાયા કે લાડકવાયીના જીવ ગયા છે. માતેલા સાંઢની જેમ દોડતાં વાહનો રાહદારીઓ, નાના વાહનચાલકો માટે જાણે સાક્ષાત મોત બનીને રોડ પર ભમતાં રહે છે. અમુક વાહનચાલકો બેફામ બનીને વાહન હંકારી મુકતાં હોય છે. વધુ એક આવો જીવલેણ અકસ્માત સર્જાયો છે. જેમાં એક પરિવારની આશાસ્પદ દિકરીનો જીવ ગયો છે. સદ્નસિબે આ દિકરીની સાથે વાહનમાં બેઠેલી નાની દિકરી બચી ગઇ હતી. શાળાએથી છુટીને બે બહેનો પોતાના ટુવ્હીલર પર ઘરે જવા નીકળી ત્યારે જુના માર્કેટ યાર્ડ પાસે એક ડમ્પર આ બે પૈકી એક બહેન માટે કાળ બની જતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. ધોરણ બારમાં અભ્યાસ કરતી આ વિદ્યાર્થીનીનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મૃત્યુ થયું હતું.

વિગતો પર નજર કરીએ તો રાજકોટ શહેરમાં ફરીને એક વખત ગમખ્વાર જીવલેણ અકસ્માત સર્જાયો છે. જેમાં જુના માર્કેટીંગ યાર્ડ પાસેના સર્વિસ રોડ પર તોતીંગ ડમ્પરે ટુવ્હીલરને ઉલાળી દેતાં તેના પર બેઠેલી બે સગી બહેનો ફંગોળાઇ ગઇ હતી. જેમાં ધોરણ-૧૨માં અભ્યાસ કરતી મોટી બહેનના કમરના નીચેના ભાગે ડમ્પરના તોતીંગ વ્હીલ ફરી વળતાં ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મોત થયું હતું. જ્યારે નાની બહેનનો નજીવી ઇજા સાથે બચાવ થયો હતો. સાંજે બંને બહેન સ્કૂલેથી છુટીને આજીડેમ ચોકડી નજીક આવેલા પોતાના ઘરે જઇ રહી હતી ત્યારે આ બનાવ બન્યો હતો. વધુ માહિતી જોઇએ તોઆજીડેમ ચોકડી નજીક શ્રીરામ પાર્ક-૩ બ્લોક નં. ૧૩માં રહેતી સત્તર વર્ષની અનુપ્રિયાપ્રિયાંશી પુર્વેન્દ્રકુમાર સિંગ અને તેની નાની બહેન ચૌદ વર્ષની શકિતસુપ્રિયા સાંજે યાર્ડ નજીક આવેલી મઝહર સ્કૂલેથી છુટીને ટુવ્હીલર પર ઘરે જઇ રહી હતી તે વખતે યાર્ડ નજીક પહોંચી હતી.

આ વખતે અચાનક જ ડમ્પર નં. જીજે૦૧સીવાય-૪૨૯૨ના ચાલકે ટુવ્હીલરને અડફેટે ચડાવી દેતાં તેના પર બેઠેલીં બંને બહેનો ફંગોળાઇ ગઇ હતી. જેમાં મોટી બહેન અનુપ્રિયાપ્રિયાંશીના કમરના ભાગે વ્હીલ ફરી વળતાં તેનું ઘટના સ્થળે જ મોત થયું હતું. જ્યારે નાની બહેન શક્તિસુપ્રિયાનો ઇજા સાથે બચાવ થયો હતો. આ ગમખ્વાર જીવલેણ અકસ્માતના બનાવને પગલે લોકોના ટોળા ભેગા થઇ ગયા હતાં. ડમ્પરનો ચાલક ભાગે એ પહેલા પકડી લઇ આજીડેમ પોલીસને સોંપી દેવાયો હતો. નાની બહેનની નજર સામે જ કાળનો કોળીયો બની ગયેલી અનુપ્રિયાસુપ્રિયા બે બહેન, એક ભાઇમાં મોટી હતી અને ધોરણ-૧૨માં મઝહર સ્કૂલમાં અભ્યાસ કરતી હતી.

મૃત્યુ પામનાર આ વિદ્યાર્થીનીના પિતા પુર્વેન્દ્રકુમાર યમનપ્રસાદ સીંગ મુળ બિહારના વતની છે. અહિ વીસેક વર્ષથી રહે છે અને કારખાનામાં કામ કરે છે. તેણીના માતાનું નામ નુતનબેન છે. આશાસ્પદ અને લાડકવાયી દિકરીના મોતથી પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. આજીડેમ પોલીસે ડમ્પર ચાલક સામે ગુનો નોંધવાની કાર્યવાહી કરી હતી. સમયાંતરે કે અવાર-નવાર આ પ્રકારના ગંભીર અકસ્માતો સર્જાતા રહે છે જેમાં અલગ અલગ પરિવારો પોતાના સ્વજનોને કાયમને માટે ગુમાવતા રહે છે. આ વધુ એક ઘટનામાં એક પરિવારે લાડકી દિકરીને ગુમાવી દેતાં ગમગીની છવાઇ ગઇ છે.








### જીવલેણ અકસ્માતની અન્ય બે ઘટનામાં બેડીપરાના રિક્ષાચાલકનું ચોટીલા પાસે મૃત્યુ : ઊનાના વૃધ્ધને વંથલી પાસે રિક્ષાનું ટાયર ફાટતાં મળ્યું મોતઃ બંનેએ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લીધા અંતિમ શ્વાસ

જીવલેણ અકસ્માતની વધુ એક ઘટનામાં વંથલીના ખોખરા ફાટક પાસે રિક્ષાનું ટાયર ફાટતાં રિક્ષા ગોથુ મારી જતાં અંદર બેઠેલા ઉનાના નવાબંદરના વૃધ્ધને ગંભીર ઇજા થતાં મોત થયું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર ઉના નવાબંદરમાં રહેતાં એંસી વર્ષના અલીભાઇ અબ્દુલભાઇ શેખ ગત ૨૪મીએ ઉનાથી રિક્ષામાં બેસી જુનાગઢ જતાં હતાં ત્યારે વંથલી નજીક ખોખરા ફાટક પાસે રિક્ષાના ટાયરમાં પંચર પડતાં ટાયર ફાટતાં રિક્ષા પલ્ટી મારી જતાં અલીભાઇ સહિત છ સાત મુસાફરોને ઇજાઓ થઇ હતી. જેમાં અલીભાઇને માથામાં ગંભીર ઇજા પહોંચી હોઇ જુનાગઢ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ તેમનું મૃત્યુ થતાં પરિવારમાં માતમ છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર વૃધ્ધને સંતાનમાં એક પુત્રી છે.

જ્યારે વાહન અકસ્માતમાં મોતની ત્રીજી ઘટના પર નજર કરીએ તો ચોટીલા નજીક આપાગીગાના ઓટલા નજીક ગત ૨૩મીએ રિક્ષાને અકસ્માત નડતાં રાજકોટના વ્હોરા પરિવારના ચાર લોકોને ઇજા થઇ હતી. જે પૈકી રિક્ષાચાલક અને પરિવારના આધારસ્તંભનું સારવાર દરમિયાન મૃત્યુ થતાં પરિવારમાં માતમ છવાઇ ગયો હતો. જાણવા મળ્યા મુજબ બેડીપરા સૈફી કોલોનીમાં રહેતાં ચાલીસ વર્ષના મુફદ્દલભાઇ શબ્બીરભાઇ ઘોઘારી ૨૩મીએ પોતાની રિક્ષામાં પત્નિ ફરીદાબેન, પુત્ર મહમદ અને પુત્રી બતુલને બેસાડીને ધંધુકાથી રાજકોટ તરફ આવી રહ્યા હતાં ત્યારે ચોટીલા નજીક આપા ગીગાના ઓટલા પાસે રિક્ષા પલ્ટી મારી જતાં ચારેયને ઇજા થતાં સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. અહિ સારવાર દરમિયાન રાતે મુફદ્દલભાઇનું મૃત્યુ થયું હતું. તેઓ ચાર ભાઇમાં મોટા હતાં. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. જેણે પિતાની છત્રછાંયા ગુમાવી દીધી હતી. ધંધુકા ખાતે તેઓ ભાણેજના લગ્નમાં ગયા હતાં. ત્યાંથી પરત આવતાં હતાં ત્યારે બનાવ બન્યો હતો. આ બનાવોની જાણ જે તે પોલીસ સ્ટેશનોમાં સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના આસી સબ ઇન્સ. રામશીભાઇ વરૂ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇ, ભાવેશભાઇએ કરી હતી.